Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૬૧
તા.૨૯-૧૦-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૪ કારતક સુદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૪ સૂર્યાસ્ત : ૦૬:૦૩

તાપમાન

ડીસા	૩૬.૮	વડોદરા	૩૬.૦
અમદાવાદ	૩૫.૫	સુરત	૩૬.૩
ગાંધીનગર	૩૭.૦	નલિયા	૩૪.૬

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૨૫૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

પાટીદાર અનામત મામલે કોંગ્રેસ સ્પષ્ટતા કરે : હાર્દિક

વિચાર વૈભવ...

કેટલાક યુવાનો ધંધા અને કમાણી પાછળ એવા જાય છે કે જાણે કૂતરાની પૂંછે પેટ્રોલ ન ઘસ્યું હોય! પૈસા એ ધંધા પાછળ જીવન જીવવાના અમૂલ્ય દિવસો તો વેડફી જ નાખે છે અને નથી ઘરના રહેતા નથી ઘાટના. બાળકો- પત્ની- વડીલો એના પ્રેમ અને વાત્સલ્યને માટે વલખાં મારતાં હોય. કમાણી-આવક ધંધો બરોબર છે પણ કયાંક તો સંતોષની સીમા હોય ને!

હેની ફોર્ડ આવા જ ઉદ્યોગપતિ હતા, ધંધાના વિકાસ માટે એણે જિંદગી આખી મજૂરી કરી, ભલે આજે એનું ઉદ્યોગપતિ તરીકે નામ હશે પણ તેનું સાચું ચરિત્ર તો એની પત્ની અને બાળકો જ કહી શકે...

જ્યારે તે પ્રૌઢ અવસ્થામાં હતા ત્યારે ફેકટરીમાં એની પત્નીનો ફોન આવ્યો. આજે તેણીનો 'જન્મદિવસ' યાદ અપાવી શકય હોય તો ઘેર સમયસર આવવા વિનંતી કરી.

ફોર્ડ ઝંખવાણો પડયો. ફૂલનો ગજરો લઈ ઘેર જવા વિચાર્યું. ફૂલવાળાને ત્યાં ગીર્દી જોઈ એણે ફૂલવાળા સાથે ચર્ચા શરૂ કરી. તારે ત્યાં આટલી બધી ઘરાકી છે તો તું શહેરમાં અન્ય શાખાઓ કેમ નથી ખોલતો!

ફૂલવાળો કહી તમારી વાત સાચી છે પણ પછી શુ? ફોર્ડ કહે, આવક વધશે. રાજ્યભરમાં શાખાઓ ખોલ!

પણ શેના માટે? પછી શું કરૂં? મારે પત્ની અને બે બાળક સિવાય કોઈ જ નથી. હું અત્યારે પણ ખૂબ શાંતિ અને સંતોષથી જ જીવું છું. મારા પત્ની- બાળકો મને ખૂબ ચાહે છે! પછી મારે મોટી જંજાળ ઊભી શું કામ કરવી પડે!

ફોર્ડને જીવનની સાચી દિશા આમ એક ફૂલવાળાએ બતાવી દીધી.

- સુરેશ પ્રા.ભટ્ટ

ત્રીજી સુધી વલણ સ્પષ્ટ નહીં કરે તો પ્રચારમાં ખલેલ પહોંચાડાશે : પાટીદારોને બંધારણીય અનામત કઈરીતે અપાશે તે અંગે ત્રીજી સુધી ખુલાસો કરવા હાર્દિકની સ્પષ્ટ સૂચના : પાટીદાર વધુ રાહ જોવા ઇચ્છુક નથી : રિપોર્ટ

અમદાવાદ

ગુજરાતમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી પહેલા રાજકીય ઘમસાણ વધુ તીવ્ર બની રહ્યું છે. કોંગ્રેસની સાથે જવાના સંકેત વચ્ચે હાર્દિક પટેલે હવે કોંગ્રેસ પાર્ટીને અલ્ટિમેટમ આપી દીધું છે. હાર્દિક પટેલે કોંગ્રેસને પટેલ અનામતના મુદ્દે પોતાનું વલણ ત્રીજી નવેમ્બર સુધી સ્પષ્ટ કરવા માટે સમય આપી દીધો છે. સાથે સાથે હાર્દિક પટેલે કોંગ્રેસને ચેતવણી આપતા કહ્યું છે કે, સુરતમાં જે રીતે અમિત શાહની હાલત થઈ હતી તેવી જ હાલત કોંગ્રેસની પણ થઈ શકે છે. ભાજપ અધ્યક્ષ અમિત શાહની સુરત રેલીમાં ભારે હોબાળો થયો હતો. કેટલાક લોકોએ ખુરશીઓ ઉછાળી હતી અને તોડફોડ કરી હતી. હાર્દિક પટેલે આજે ટ્વિટ કરીને કહ્યું હતું કે, ત્રીજી નવેમ્બર સુધી કોંગ્રેસ પાર્ટીને

પાટીદારને બંધારણીયરીતે અનામત કઈ રીતે અપાશે તે અંગે વલણ સ્પષ્ટ કરવા કહી દેવામાં આવ્યું છે. જો કોંગ્રેસ પાર્ટી ત્રીજી નવેમ્બર સુધી વલણ સ્પષ્ટ નહીં કરે તો અમિત શાહ જેવી સ્થિતિ કોંગ્રેસની પણ સર્જાશે. સુરતમાં ભાજપ પ્રમુખની રેલીમાં કેટલાક સમર્થકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. પટેલ નેતાઓના સન્માનમાં આયોજિત કાર્યક્રમમાં કેટલાક લોકોએ તોડફોડ કરી હતી. હાર્દિક પટેલ જિંદાબાદના નારા લાગ્યા હતા. કાર્યક્રમ દરમિયાન જયારે અમિત શાહ સ્ટેજ ઉપર પહોંચ્યા ત્યારે હાર્દિક હાર્દિકના નારા લાગ્યા હતા. ત્યારબાદ પોલીસને બોલાવવાની ફરજ પડી હતી. હાર્દિક પટેલે કોંગ્રેસ પાર્ટીને અલ્ટીમેટમ આપ્યા બાદ કોંગ્રેસ ઉપર હવે દબાણ વધી ગયું છે. ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીની પ્રચાર રેલીઓને ખોરવી નાંખવાની ધમકી પણ હાર્દિકે આપી છે. એક સપ્તાહની અંદર જ જો પાટીદારોને અનામતના મુદ્દે કોંગ્રેસ વલણ સ્પષ્ટ નહીં કરે તો ચૂંટણી પ્રચાર રેલીમાં ખલેલ પહોંચાડવામાં આવશે. પાટીદાર નેતાએ છેલ્લા થોડાક મહિનાઓમાં કેટલાક બના વોનો ઉલ્લેખ પણ કર્યો હતો જેમાં પાસના કાર્યકરોએ ભાજપની જાહેર સભામાં ધાંધલ ધમાલ મચાવી હતી. સુરતમાં પાટીદાર સમુદાયના નેતાઓ સાથે બેઠક દરમિયાન પાટીદારોએ હોબાળો મચાવ્યો હતો. આ ઉપરાંત પાસના સમર્થકોએ શાહની ગુજરાત ગૌરવ યાત્રા દરમિયાન પણ ખલેલ પહોંચાડી હતી. હાર્દિકની માંગણી એવા સમય ઉપર આવી છે જયારે ગુજરાતમાં આગામી ચૂંટણીને લઈને કોંગ્રેસ પાર્ટી દ્વારા આક્રમક તૈયારી કરવામાં આવી રહી છે.

રાજકોટમાં કેન્દ્ર-ગુજરાત સરકાર ઉપર આકરા પ્રહાર

દેશને બુલેટ ટ્રેનના બદલે પ્રાથમિક સુવિધાઓની જરૂર : ચિદમ્બરમ

નોટબંધી કરવાનું મને કહ્યું હોત અને હું નાણાંપ્રધાન હોત તો અમલ કરવાને બદલે રાજીનામું આપ્યું હોત : તાજ અંગે અપમાનજનક ટિપ્પણી મુદ્દે પ્રહાર

અમદાવાદ

કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા, પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી અને કુશળ આર્થિક વિશ્લેષક પી.ચિદમ્બરમ્ આજે ગુજરાતમાં રાજકોટની મુલાકાતે આવ્યા હતા. ચિદમ્બરમે રાજકોટમાં કાર્યક્રમ દરમિયાન જુદા જુદા વિષયો ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી અને કેન્દ્ર સરકાર અને ભાજપ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. ચિદમ્બરમે બુલેટ ટ્રેન, નોટબંધી, અહેમદ પટેલ પર કરાયેલા આક્ષેપોના સંદર્ભમાં હરીફ પક્ષોને જવાબો આપ્યા હતા. સ્થાનિક વેપારીઓ, ઉદ્યોગકારો સહિતના લોકો સાથેના ખાસ સંવાદ કાર્યક્રમ દરમ્યાન પી.ચિદમ્બરમે મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, આજે દેશને બુલેટ ટ્રેનની જરૂર નથી પરંતુ લોકો જે પ્રાથમિક-બુનિયાદી સુવિધાથી વંચિત છે, તેઓને તે બુનિયાદી સુવિધા પહેલી પૂરી પાડો, પછી બધી વાતો કરો. નોટબંધીના મુદ્દે તેમણે મોદી સરકારને ચાબખો મારતાં જણાવ્યું કે, જો હું નાણાંપ્રધાન હોત અને મારા પ્રધાનમંત્રીએ મને નોટબંધી કરવાનું કહ્યું હોત તો હું રાજીનામું આપી દેત પરંતુ દેશહિતમાં આવો અત્યાચારી નિર્ણય લાગુ ના કરત. ચિદમ્બર તેમની વાતચીત દરમ્યાન મીડિયા સાથે મહ્દઅંશે અંગ્રેજીમાં વાત કરી હતી, થોડું હિન્દીમાં પણ બોલ્યા હતા પરંતુ એક તબક્કે ચિદમ્બરમે ગુજરાતી ભાષામાં વિકાસ ગાંડો થયો છે બોલી ભાજપ પર કટાક્ષ કરી સૌને આશ્ચર્યમાં નાંખી દીધા હતા. ભરૂચની હોસ્પિટલના પૂર્વ કર્મચારીની આંતકવાદી તરીકે ધરપકડ થઈ હોવાના મામલામાં ભાજપ દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા એહમદ પટેલ પર કરાયેલા આક્ષેપો સંદર્ભે ચિદમ્બરમે એહમદ પટેલનો બચાવ કરતાં જણાવ્યું હતું કે, એહમદ પટેલે ૨૦૧૫માં જ આ હોસ્પિટલના ટ્રસ્ટી તરીકે રાજીનામું આપી દીધુ હતુ અને જે વ્યકિતની ધરપકડ કરાઈ છે, તે લેબ ટેકનીશીયન હતો. ટેકનીશીયનની કામગીરી માટે ભૂતકાળના ટ્રસ્ટીને જવાબદાર કેવી રીતે ઠરાવી શકાય.

ભાજપ પાર્લામેન્ટ્રીબોર્ડની બેઠક ફરી મળવાના એંધાણ

દિલ્હીથી જ ઉમેદવારોની યાદી જાહેર કરાશે

ગાંધીનગર

આગામી ગુજરાત વિધાનસભા ની ચૂંટણી ના પગલે ગુજરાત ભાજપ પાર્લામેન્ટ્રી બૉર્ડની ફરી બેઠક મળવા ના એંધાણ વર્તાઈ રહ્યા છે જેના પરિપેક્ષયમાં આગામી ૯, ૧૦, ૧૧ નવેમ્બરના રોજ ફરી બેઠક મળશે તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.. આ બેઠક માં વિધાન સભા ની ચૂંટણી માટેના ઉમેદવારોના નામોની પસંદગી માટે ૩ દિવસ સુધી મંથનમંથન કરવામાં આવશે.

જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ખાસ હાજર રહેશે અને ઉપરાંત પાર્લામેન્ટ્રી બૉર્ડમાં ૩-૩ નામની પેનલ તૈયાર કરવા માં આવશે.. અને આ કામગીરી માટે ભાજપ હાઈ કમાન્ડ ગુજરાત ભાજપ કેન્દ્રીય બૉર્ડને પસંદગીની સત્તા આપશે..તેમ મનાઈ રહ્યું છે .. જો કે અડાલજના શાન્તિ નિકેતન ખાતે ૭ દિવસ ચાલેલી બેઠકમાં તમામ બેઠકની સુનાવણી પુરી કરવામાં આવી છે. અને હવે આગામી ૧૪-૧૫ નવેમ્બરે દિલ્હી ખાતેભાજપ કેન્દ્રીય બૉર્ડની બેઠક મળશે જેમાં ચૂંટણી મહા સંગ્રામના ઉમેદવારોના નામો ની આખરી યાદી તૈયાર કરી દિલ્હીથી જ પસંદગી પામેલા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. તેમ ભાજપના નિકટી સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

છાપી હાઈવે ઉપર ટ્રેઈલર પાછળ બસ ઘુસતાં એકને ગંભીર ઈજા

સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

પાલનપુર - અમદાવાદ હાઈવે ઉપર આવેલ છાપી નજીક તેનીવાડા અધુરીયા પુલ ઉપર ટ્રેઈલર પાછળ પેસેન્જર બસ ઘુસી જતાં બસમાં બેઠેલ પેસેન્જરોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી જો કે સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. પ્રાપ્ત વિગતો મુજબ સિધ્ધપુર તરફથી પાલનપુર તરફ જઈ રહેલ એક ટ્રકમાંથી એરંડાની બોરીઓ રોડ ઉપર પડતા પાછળ આવી રહેલ ટ્રેઈલર (નં.જી.જે.૯ જી.સી. ૪૮૯૨) ના ચાલકે જોરદાર બ્રેક મારતા પાછળ આવી રહેલ રાજસ્થાન પરિવહન નિગમની

અનુસંધાન પાના નં.૬

ગજનીપુર શાળાના ક્ષતીગ્રસ્ત રૂમની દિવાલ તુટી પડતાં મજુરનું મોત

બીજા મજુરના પેટમાં લોખંડની એંગલ ઘુસી ગઈ

પ્રતિનિધિ પાલનપુર, ભીલડી

સરહદી બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ગજનીપુરા ગામની પ્રાથમિક શાળામાં વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં ક્ષતિગ્રસ્ત મકાન તોડવાની કામગીરી દરમ્યાન મધ્યાહન ભોજન યોજનાના ઓરડાનો શેડ તૂટી પડતા બે મજૂર ઘાયલ થયા હતા. જેમાં ૧નું મોત નિપજયું હતું. જયારે ૧ને ગંભીર હાલતમાં સારવાર અર્થે પાલનપુરથી અમદાવાદ રીફર કરાયો હતો.

ડીસા તાલુકાના ગજનીપુરા પ્રાથમિક શાળામાં સમારકામ ચાલી રહ્યું હતું. જેમાં દાહોદના ધાનપુર તાલુકાના યુવાનો

મજૂરી અર્થે ડીસાના ગજનીપુરા ખાતે આવ્યા હતા. જોકે, સમારકામ દરમિયાન, મધ્યાહન ભોજન યોજનાનો શેડ તૂટી પડ્યો હતો.

જે શેડ નીચે રહેલા મજૂરો પર પડતા ૨ શ્રમિકો ઘાયલ થયા હતા. જેમાં આદિવાસી સમુદાયના અરવિંદ નામના શ્રમિકનું ભીલડી ખાતેની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજયું હોવાના અહેવાલ સાંપડ્યા છે.

જયારે શેડ તૂટી પડતા શંકરભાઈ મેવાભાઈ માઈકા નામના ૧૭ વર્ષીય શ્રમિકના પેટમાં લોખંડની એંગલ આરપાર ઘુસી જતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જયાં તેની હાલત નાજુક જણાતા વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયો હતો. આમ, આ વિચિત્ર અકસ્માતમાં કણસતા યુવકને જોઈ સૌ કોઈ દંગ રહી ગયું હતું.

ડીસાના વેપારીની બે પુત્રી સાથે નહેરમાં મોતની છલાંગ

એક લાશ મળી : બેની શોધખોળ

ડીસા

ડીસાના વેપારીએ બે પુત્રી સાથે રસાણાની નહેરમાં અગમ્ય કારણોસર મોતની છલાંગ લગાવી દેતા ચકચાર સાથે અરેરાટી મચી જવા પામી છે. બનાવના પગલે અવનવા તર્ક - વિતર્કો વહેતા થવા લાગ્યા છે.

જિલ્લાની આર્થિક પાટનગરી ગણાતા ડીસામાં છેલ્લા ઘણાં સમયથી બજારમાં પ્રવર્તતી મહામંદીના પગલે આપઘાતના બનાવો

ભરત સુંદેશા

ચિંતાજનક હદે વધી જવા પામ્યા છે. ત્યારે વધુ એક બનાવની મળતી માહિતી મુજબ શહેરના શ્યામ બંગ્લોઝમાં રહેતા વેપારી યોગેશભાઈ મોદી બાઈક ઉપર પોતાની પુત્રી શ્લોકા મોદી (ઉ.વ.૧૦) અને જૈની મોદી (ઉ.વ.૮) ને લઈને રસાણા નહેર ઉપર ગયા હતા. બાઈક સાથે નહેરના વહેણમાં અચાનક ઝંપલાવી દીધુ હતું. જેની જાણ થતા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. બનાવની જાણ થતા મામલતદાર અને રૂરલ પોલીસ દોડી આવી હતી. અને તરવૈયાઓની મદદથી તેમની લાશો બહાર કઢાવવાની કવાયત હાથ ધરી હતી. જોકે બાઈક અને શ્લોકા મોદીની લાશ મળી આવી હતી. પરંતુ બે લાશ મળી આવી ન હતી. તેથી શોધખોળ ચાલુ રખાઈ હતી.

વેપારીએ અગમ્ય કારણોસર પુત્રીઓ સાથે આપઘાત કર્યો હોવાનું પોલીસે અનુમાન વ્યક્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

નૂતન વર્ષાભિનંદન
કોતરવાડા નકલંગ ગૌશાળા
રજીસ્ટર નં.E ૧૪/૫૩
મુ.કોતરવાડા, તા.દિયોદર, જી.બ.કાં.

નૂતન વર્ષાભિનંદન
સોયલા ગ્રામ પંચાયત કચેરી
મુ.સોયલા તા.ડીસા જિ.બ.કાં.
તથા સમસ્ત સોયલાના ગ્રામજનો

હાર્દિક અભિનંદન
શંકરભાઈ ચૌધરી
રાણાસાહેબ ગજેન્દ્રસિંહજી ચૌહાણ
લિ.

બેસણું
અમારા સુપુત્ર જીતેન્દ્રકુમાર ડાહ્યાલાલ ઠક્કરનું તા.૨૮/૧૦/૨૦૧૭ (આઠમ) ને શનિવારે દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ સદ્‌ગતનું બેસણું નીચેના સમયે અને સ્થળે રાખેલ છે.
સ્વ.જીતેન્દ્રકુમાર ડાહ્યાલાલ ઠક્કર
સ્વ.તા.૨૮-૧૦-૨૦૧૭
સમય : તા.૩૦/૧૦/૨૦૧૭ ને સોમવારે બપોરે ૩ થી ૬ કલાક
સ્થળ : હનુમાન ટેકરી સામે, એંગોલા રોડ,
ગુજરાતી ઠક્કર સમાજની વાડી, આબુ હાઈવે, પાલનપુર
લિ.
ઠક્કર ડાહ્યાલાલ શંકરજી પરિવાર (શિંખંડવાળા)
સંપર્ક : દિપકભાઈ મો.૯૯૭૯૮૭૯૫૪૦
જેન્તીભાઈ મો.૯૮૨૫૪૧૫૭૪૧
રવિ મો.૯૦૩૩૮૪૯૯૫૨

બેસણું
અમારા માતૃશ્રી રેશમબેન મનજીભાઈ સોલંકી તા. ૨૬-૧૦-૨૦૧૭ ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સ્વ.નું બેસણું તા. ૩૦-૧૦-૨૦૧૭ ને સોમવારના રોજ રાખેલ છે. નોંધ: સમાજના રીત-રીવાજ મુજબ લોકાચાર ચાલુ રહેશે.
સ્વ.રેશમબેન એમ. સોલંકી
તા. ૨૬-૧૦-૨૦૧૭
સ્થળ : ખોડીયાર માતાના મંદિર પાસે, અજાપુરા ફાર્મ હાઉસ, કાંટ રોડ, ડીસા (બનાસકાંઠા) મો.૯૪૨૮૬૫૪૧૩૫
લિ.
સ્વ. બાબુભાઈ મનજીભાઈ સોલંકી
શ્રી મદનભાઈ મનજીભાઈ સોલંકી
શ્રી હરીભાઈ મનજીભાઈ સોલંકી
સ્વ. ગોપીભાઈ મનજીભાઈ સોલંકી
સ્વ. નારણભાઈ મનજીભાઈ સોલંકી
શ્રી દિપકભાઈ મનજીભાઈ સોલંકી
સ્વ. અશોકભાઈ મનજીભાઈ સોલંકી
શ્રી રમણભાઈ મનજીભાઈ સોલંકી
શ્રી અમરતભાઈ મનજીભાઈ સોલંકી
તથા સમસ્ત અજાપુરા સોલંકી પરિવાર

બેસણું
મારા ધર્મપત્ની સ્વ. જબુબેન વાસીભાઈ દેસાઈ તા. ૨૭-૧૦-૨૦૧૭ ને શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરૂં. સદ્‌ગતનું બેસણું તા. ૩૦-૧૦-૨૦૧૭ ને સોમવારના રોજ રબારી સમાજના રીત-રીવાજ મુજબ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
સ્વ. જબુબેન વાસીભાઈ દેસાઈ
સ્વ.તા.૨૭-૧૦-૨૦૧૭, શુક્રવાર
મુ. સાવિયાણા, તા. ડીસા
નોંધ :- સદ્‌ગતની લૌકિકક્રિયા સમાજના રીત-રીવાજ મુજબ ચાલુ છે.
સ્થળ : મુ.સાવિયાણા, તા. ડીસા જી.બ.કાં.
લિ.
સમસ્ત લબતુકા પરિવાર-સાવિયાણા

સૂર્યોદય - ૬.૪૪ સૂર્યાસ્ત - ૬.૦૩

તિથિદર્શન

કારતક સુદ-૯ રવિવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક સુદ :નોમ રવિવાર નક્ષત્રઃ ધનિષ્ઠા યોગ :ગંડ કરણ:તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) સાંજે ૫.૫૯ પછીકુંભ (ગ.શ.સ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

આજ્ઞા માત્ર ફલ રાજ્ય બ્રહ્મચર્ય ફલું તપઃ પરિજ્ઞાન ફલા વિદ્યા દત્તમુક્તં ફલું ધનમ્

'રાજા (મુખ્યમંત્રી) ની આજ્ઞાનું સારી રીતે પાલન થાય એ જ રાજાની રાજસત્તાનું ઉત્તમ ફળ છે. જીવનમાં બ્રહ્મચર્ય અર્થાત્ ઈન્દ્રિય વિજય- સંયમનું સારી રીતે પાલન થઈ શકે એ જ તપનું ફળ છે, અનુભવપૂર્વકનું યથાર્થ ફળદાયી સફળ જ્ઞાન પ્રાપ્ત થાય એ જ વિદ્યાનું ફળ છે, અને સારી રીતે દાન પણ આપી શકાય અને તેનો યોગ્ય ઉપયોગ પણ કરી શકાય, એ ધન- સમૃદ્ધિ હોવાનું સુ - ફળ છે.'

રાજા(પ્રધાનમંત્રી)ઢીલા હોય અને માત્ર નામની સત્તા માટે 'ટેકાઓ' ને સહારે ટકી રહ્યા હોય ત્યારે સાથીદાર પક્ષના પ્રધાનો દેશને બોડા સરદારનું ખેતર સમજી ભેલાણ કર્યા કરે છે અને રાજા નબળો હોય ત્યારે કોઈને કંઈ જ કહી શકતો નથી. તપથી આત્મા અને ઈન્દ્રિયો પર કાબૂ આવે છે, જાતે જ 'સંયમ' આવે છે. તપ દ્વારા સિદ્ધિઓ પ્રાપ્ત થઈ ગયા પછી 'બાપુઓ' તાંત્રિક થઈ જાય અને ભોગવિલાસમાં સરી પડે તે જ્ઞાન- વિદ્યા- તપનો કોઈ જ અર્થ રહેતો નથી.

માણસની પાસે ધન- સમૃદ્ધિ હોય સાથે 'સંસ્કાર', 'સમજ' હોય તો પોતાની સમૃદ્ધિનો સદુપયોગ દાન -પુણ્યમાં કરે છે અને જાતે પણ સુખ- સુવિધા સાથે ભૌતિક આનંદ પણ પ્રાપ્ત કરે છે. આવું ધન- લક્ષ્મીનું હોવું સફળ છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) પુરૂષાર્થ પછી પણ યોગ્ય ફળ ન મળે. પડવા-વાગવાથી સંભાળવું.

વૃષભ : (બ.વ.ઉ.) ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.

મિથુન : (ક.છ.ઘ.) આરોગ્ય બાબતે ચિંતા સર્જાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.

કર્ક : (ડ.હ.) ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.

સિંહ : (મ.ટ.) અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. નાણાભીડ ઉદ્‌ભવે.

કન્યા : (પ.ઠ.ણ.) ધીરજની કસોટી થાય.મનમાં ઉગ્રતા રહે.

તુલા : (ર.ત.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળ

વૃશ્ચિક :(ન.ય.)કાર્યમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાય.

ધન : (ભ.ફ.ધ.)વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.

મકર : (ખ.જ.)માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.

કુંભ : (ગ.શ.સ.) નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.

મીન : (દ.ચ.જ.થ.) મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

ભૂમિતિ અને ભૌતિક વિજ્ઞાનમાં નોંધપાત્ર શોધો આપી જનાર મહાન વૈજ્ઞાનિક ટોરિશેલી એવેનઝેલીસ્ટાની પુણ્યતિથિ છે. જન્મ ૧૫-૧૦-૧૬૦૮. અનેક શોધોના સર્જક ટોરિશેલીએ જીવનમાં ફકત એક જ ગ્રંથ એપેરા જામેટ્રિકા (ત્રણ વિભાગ)માં લખીને પ્રગટ કર્યો જેનાથી એમને વિશ્વવ્યાપી ખ્યાતિ મળી. આ ગ્રંથ અનેક સંશોધનોના પાયારૂપ હતો અને આ ગ્રંથના કારણે જ તેઓ યુરોપમાં ખ્યાતનામ થયા. પરંતુ આ બધાં કરતાંય ટોરિશેલીનું નામ બેરોમીટરના પ્રયોગો સાથે વિશેષ સંકળાયેલું છે. આ મહાન વૈજ્ઞાનિકનું ૨૯-૧૦-૧૬૪૭ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

માલગઢમાં યુવા સંગઠને આર્મીના જવાનોને મોં મીઠું કરાવ્યું

દિપક સુંદેશા

પ્રતિ. માલગઢ

ડીસા તાલુકાના માલગઢ ગામમાં દીવાળી અને બેસતા વર્ષ નિમિત્તે માલગઢ યુવા સંગઠન દ્વારા આર્મીના જવાનોને મોં મીઠું કરાવ્યું હતું અને માલગઢ ગામમાં મિઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધનરાજભાઈ માળી, હિતેશભાઈ માળી અને માલગઢ યુવા સંગઠનના કાર્યકરો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સહયોગ આપ્યો હતો.

ભરૂચ ટેકસબાર એસોસીએશન દ્વારા જીએસટીમાં ૮ ફેરફારો સૂચવતું આવેદનપત્ર અપાયું

પ્રતિ. અંકલેશ્વર

ભરૂચમાં ટેકસબાર એસોસીએશન દ્વારા જીએસટીમાં ફેરફાર માટે ફેરફારો સૂચવતું આવેદનપત્ર ડેપ્યુટી કમિશ્નરને અપાયું હતું.ટેકસબાર એસોસીએશનના પ્રમુખ ચંપક મહેતા, ઉપપ્રમુખ મહેન્દ્ર પટેલ, સેક્રેટરી પ્રશાંત મહેતા વગેરે સભ્યોએ ભેગા થઈને ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષના નિયમોમાં ૮ જેટલી વિસંગતતાઓ દુર કરવા માટેના તેના નિયમોમાં જરૂરી ફેરફાર કરવાની માંગ સાથે પાચબત્તી સ્થિત જી.એસ.ટી. કચેરી ખાતે ડેપ્યુટી કમિશ્નરને આવેદનપત્ર આપ્યું હતું.

એસોસીએશનના સભ્યોએ કહ્યું હતું કે અમે જી.એસ.ટી.ના કાયદાને સ્વીકારીએ છીએ.પણ તેમાં ઘડાયેલા નિયમો સુસંગત નથી. જી.એસ.ટીથી વેપારીઓના ધંધા પર માઠી અસર થઈ રહી છે કેમ કે ઘણા વેપારીઓ એવા છે કે જે લોકો જી.એસ.ટી.ને સમજી શક્યા નથી. દરેક વેપારીનું કહવું છે કે બધા વેપારીઓ વેરાની ચોરી કરતા હોય તે રીતના નિયમો વ્યાજબી નથી. અને બધા વેપારીઓને શંકાની દ્રષ્ટિએ જોઈ આ નિયમો બનાવવામાં આવ્યા છે જે વ્યાજબી નથી. આવેદનપત્રમાં એવું જણાવ્યું છે કે ઈરિર્ટનો ફાઈલ કરતા નિયમોમાં ફેરફાર કરી દરેક વેપારીના કેસમાં ત્રિમાસિક પત્રક ફાઈલ કરવાની અને ખરીદ - વેચાણના તમામ રિર્ટનો એકસાથે સબ્મીટ કરવાની માંગણી કરી હતી. રિર્ટનો સબ્મીટ કર્યા બાદ સીસ્ટમ તાત્કાલિક વિગતો બતાવે તેવા પ્રોગ્રામ બનાવવા માંગ કરાઈ હતી. અને ચીજવસ્તુઓની કિંમત વધુ હોવાના કારણે ઉચ્ચક વેરો ભરતા વેપારીઓના ટર્નઓવરની મર્યાદા પાંચ કરોડ સુધી વધારવા માટે રજુઆત પણ કરાઈ છે.

સુરતમાં બંધુ ત્રિપુટીની નિશ્રામાં પર્યુષણા બાદ ધર્મ પ્રભાવનાની હારમાળા

ડીસા

અઠવાલાઈન્સ જૈન સંઘ ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી પૌષધશાળામાં પૂ.બંધુત્રિપુટી આ.શ્રી અશોકસાગર - સુરીજી મ.પૂ.આ.શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.તથા પૂ. આ. શ્રી સૌમ્યચંદ્રસાગર સૂ.મ., પૂ.આ. શ્રી મતિચંદ્રસાગર સૂ..મ.આદિ શ્રમણ - શ્રમણી વૃંદની નિશ્રામાં પર્યુષણ પછી અનેક જ્ઞાન - પર્વ તપોત્સવ ઉજવાયા. પ.પૂ આગમો - ધ્ધારક આનંદસાગર - સૂરીશ્વરજી મ.ની વાચના શતાબ્દિ તથા દીક્ષાના ૧૨૫ માં વર્ષે , ૪૫ આગના ૪૫ સળંગ આયંબિલનું સુંદર આયોજન થયું. જેમાં ૧૦૫ થી વધુ (૭ થી ૭૭ વર્ષના) તપસ્વી જોડાયા. ૪૫ દિવસમાં સંઘમાં '૧૧૦૦૦' થી વધુ આયંબિલ થયા.

તપસ્યાના શિખરે સત્કારના શણગારનો પ્રસંગ - પ્રયાગ ઉજવાયો. જેમાં રજવાડી રથયાત્રા મહારાજા કુમારપાળ નાટય મંચન સાથે તપસ્વીના સુવર્ણ સન્માન અને રાજાશાહી પારણા પ્રસંગ થયો. સુરતમાં બિરાજમાન વિવિધ સમુદાયના આચાર્ય ભગવંતોને વિનંતી થઈ. સાત દિવસ ભગવતી સૂત્ર સપ્તાહનું સુંદર આયોજન થયું. તમામ પૂજયશ્રી પધારી પ્રવચન પ્રસાદી પીરસી હતી. રોજ કલાત્મક ગહુલીઓ, વિશિષ્ઠ ફળ- નૈવેદ્યથી પૂજા થતી હતી. શ્રોતાઓ સાત દિવસના પ્રવચન - સપ્તાહના આધારે મજેદાર જ્ઞાનપદ કવીઝ (હરીફાઈ) ગેમમાં મન મુકી વરસ્યા હતા.

ધાણ-ધાર વિશા ઓસવાલ સમાજની, ચૈત્ય પરિપાટીમાં ૧૫૦૦ વ્યક્તિઓ જોડાયા હતા. જે અઠવાલાઈન્સથી વિવિધ જિનાલયોના દર્શન કરતી પીપલોદ પહોંચી હતી. સ્તુતિ સુરેશભાઈ શાહના વર્ધમાન - તપના (પાયા) પર માસક્ષમણની તપસ્યાનો પારણા પ્રસંગ ભવ્ય પ્રભાવશાળી રહ્યો. નવપદની આયંબિલ ઓળીનો લાભ ,પણ એક જ પરિવારે લીધો. કુલ નવ દિવસમાં શ્રી સંઘના આયંબિલ શાળામાં ૫૦૦૦ (પાંચ હજાર) આયંબિલ થાય. અમિતાબેન અશોકભાઈ શાહ દ્વારા લિખિત પુસ્તક 'એસેન્સ ઓફ જૈનીઝમ'નું પ્રાગ્ટય પ્રસંગપણ, સુરત અને ગુજરાતના વિશેષ વ્યક્તિ સાહિત્યકારોની ઉપસ્થિતિમાં થયું. વિહાર સેવા ગૃપ અને સુરતમાં સર્વ પ્રથમવાર પાલખી પુરૂષાર્થ - ગૃપની વાર્ષિક મીટીંગ થઈ. પૂજયોના પ્રવચનોએ યુવાનોમાં પરાક્રમ અને પ્રેરણા પુરી હતી. ૪૫ આગમ ગ્રંથો અને બીજા પ્રવચન ગ્રંથો કુલ ૫૪ ગ્રંથોનું વિમોચન સુરતના શ્રી સંઘના પ્રમુખના વરદ હસ્તે થયું હતું.

મુનિરાજશ્રી 'સમ્યકચંદ્રસાગરજી મ.'ની ૯૯ (નવ્વાણું) મી ઓળી તથા મુનિ શ્રી 'કુમુદચંદ્ર સાગરજી મ.' ની સંયમ જીવનની અનુમોદના અર્થે શ્રી શક્રસ્તવના મહાકીર્તન સાથે મહા - અભિષેકમાં સહુ ડોલાયેલા હતા. પ્રશમ - સંપ્રતિએ સૂર - લય - તાલમાં સહુને લયલીન બનાવ્યા હતા મુનિ શ્રી એ ૨૦ વર્ષમાં સાડા ચૌદ વર્ષ આયંબિલ કર્યા હતા. તેની સહુએ ખૂબ - ખૂબ અહોભાવથી અનુમોદના કરી હતી.

અમદાવાદ : ધીમીગતિએ ઠંડીની શરૂઆત થઈ ગઈ

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ધીમીગતિએ ઠંડીની શરૂઆત થઈ રહી છે. મોડી રાત્રે ઠંડા પવનો ફુંકાવવાની શરૂઆત થઈ ચુકી છે. રાત્રિ ગાળામાં તાપમાનમાં પણ ઘટાડો થયો છે.

આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. અમદાવાદ શહેરમાં પણ મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઠંડા પવનો પણ ફુંકાઈ રહ્યા છે. મોટી સંખ્યામાં લોકો વહેલી સવારે મોર્નિંગ વોકમાં જવા લાગી ગયા છે. ઠંડીની શરૂઆત થવાની સાથે જ લોકો કસરતને લઈને પણ સાવધાન થયા છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૭.૨ ડિગ્રી અને મહત્તમ તાપમાનમાં ૩૫.૫ ડિગ્રી નોંધાયું હતું. બપોરના ગાળામાં વાતાવરણ મિશ્ર સ્થિતિનો અનુભવ થઈ રહ્યો છે. ઠંડી અને ગરમીની સિઝન એક સાથે હોવાથી લોકો જુદી જુદી સિઝનની બિમારીમાં સંકળાયા છે.

ભારત સાથે સંરક્ષણ કરાર કરવા અમેરિકા ખુબ ઉત્સુક

નવીદિલ્હી

અમેરિકા ભારત સાથે કેટલીક મહત્વપૂર્ણ સંરક્ષણ સમજૂતિ કરવા માટે ઈચ્છુક છે પરંતુ ભારત સરકાર ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે સોદાબાજી કરતા પહેલા તમામ બાબતો જાણવા માટે ઈચ્છુક છે. અમેરિકા વર્ગીકૃત ડેટાની આપલે કરવા માટે ઈચ્છા ધરાવે છે. એફ-૧૬ અને એફ-૧૮ ફાઈટર જેટ વિમાનો ભારતને આપવા માટે અમેરિકા ઈચ્છુક છે. આને લઈને યોજના પણ તૈયાર કરવામાં આવી ગઈ છે. ભારત સાથે સંરક્ષણ કારોબારને વધારવા માટે અમેરિકા ઈચ્છુક છે. અમેરિકાના ટોચના રાજદ્વારી અધિકારીનું કહેવું છે કે, ટ્રમ્પ વહીવટીતંત્ર કોંગ્રેસ સમક્ષ કહી ચુક્યું છે કે, તે ભારતને એફ-૧૮ અને એફ-૧૬ ફાઈટર જેટના વેચાણને લઈને ખુબ જ આશાવાદી છે. ભારત સાથે સમજૂતિ કરવા ઈચ્છુક છે. આગામી સ્તર સુધી સંરક્ષણ સંબંધોને લઈ જવા માટે તૈયાર છે. બંને દેશો વચ્ચે સંબંધોમાં ઉલ્લેખનીય સુધારો થઈ ચુક્યો છે. દક્ષિણ અને મધ્ય એશિયન બાબતોના અધિકારીનું કહેવું છે કે, આવનાર સમયમાં બને દેશોના વડાઓ એકબીજા સાથે વાતચીત કરીને સંબંધો મજબૂત કરશે. હાલમાં જ અમેરિકાના વિદેશમંત્રી ટિલરસન ભારત પણ આવ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

અભૂતપૂર્વ આનંદ અને ઉલ્લાસ સાથે ડીસા ખાતે યોજાયેલ જલારામ જન્મજયંતિ મહોત્સવ

ડીસા

બનાસકાંઠા જિલ્લાના હૃદયસમા ડીસા નગરમાં હાઈવેસ્થિત જલારામ મંદિર ખાતે દિવ્ય અને પવિત્ર વાતાવરણમાં અભૂતપૂર્વ આનંદ અને ઉલ્લાસ સાથે પૂજય જલારામબાપાની ૨૧૮ મી જન્મજયંતિ રંગેચંગે ઉજવવામાં આવી હતી. સવારે પૂજનવિધિ કાર્યક્રમ બાદ કમલદીપ એન્ડ પાર્ટી દ્વારા સંતવાણીનો કાર્યક્રમ રખાયો હતો. બપોરે ૧૨ વાગે શરૂ કરાયેલ મહાભોજન પ્રસાદમાં હજારો ભાવિકોએ ભાગ લઈ જલારામબાપાના પ્રસાદનો લાભ લીધો હતો. મહાભોજનપ્રસાદના મુખ્ય દાતા તરીકે સ્વ.કેશવલાલ ચૂનીલાલ આયા પરિવારે લાભ લીધો હતો.આવતા વર્ષના દાતા તરીકે સ્વ.શાંતાબેન દિપચંદભાઈ વાલજીભાઈ મજેઠિયા પરિવારે લાભ લીધેલ છે. બપોરે ભવ્ય શોભાયાત્રા ડીસાના રાજમાર્ગો પર નીકળી હતી જેમાં રથમાં બેસવાનો લાભ રસિકલાલ વસરામભાઈ રાચ્છ પરિવારે લીધો હતો.

સવારના કાર્યક્રમ વખતે ગુજરાત સરકારના મંત્રી કેશાજી ચૌહાણ, પાટણના સંસદસભ્ય લીલાધરભાઈ વાઘેલા, ગુજરાત વેર હાઉસીંગ બોર્ડના નવા વરાયેલા ચેરમેન મગનભાઈ માળી,ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને બનાસબેંકના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર, ડીસા નગરપાલિકા શાસક પક્ષના નેતા નિલેષભાઈ ઠક્કર, ડીસા નગરપાલિકા પૂર્વ પ્રમુખ અને જલારામ મંદિરના પાયાના સહયોગી પ્રકાશભાઈ ભરતીયા, કોંગ્રેસ અગ્રણી સંજયભાઈ ગોવાભાઈ દેસાઈ, ભાજપ આગેવાનો કનુભાઈ વ્યાસ, હરેશભાઈ ઠક્કર, દિનેશભાઈ પ્રજાપતિ, અતુલભાઈ ઠક્કર, અનિલભાઈ માળી, રાજુભાઈ બુલચંદજી ઠક્કર સહિત વિવિધ આગેવાનોએ ખાસ પધારી જલારામ મંદીરે પૂજન - દર્શનનો લાભ લીધો હતો જલારામ મંદિર ડીસા દ્વારા

અનુસંધાન પાના નં.૬

આંતરિક લોકશાહી મામલે ચર્ચા કરવા મોદીની હાકલ

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકીય પક્ષોનો આંતરિક લોકશાહી ઉપર ચર્ચા માટે આજે હાકલ કરી હતી અને કહ્યું હતું કે, વાસ્તવિક લોકશાહી ભાવનાના વિકાસની બાબત દેશના ભાવિ માટે ખુબ ઉપયોગી છે. ભાજપના હેડક્વાર્ટર ખાતે દિવાળી મિલન કાર્યક્રમમાં પત્રકારો સાથે વાતચીત કરતા વડાપ્રધાને આ મુજની વાત કરી હતી. તેમણે ધ્યાન દોર્યું હતું કે, રાજકીય પક્ષોને ફંડિંગને લઈને વારંવાર ચર્ચા થતી રહી છે પરંતુ તેમના મૂલ્યો, વિચારધારા, આંતરિક લોકશાહીને લઈને ક્યારે પણ ચર્ચા થઈ નથી. નેતાઓના નવા જનરેશનને તક કઈ રીતે આપી શકાય છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, દેશમાં લોકો વધુ જાગૃત બને તે ખુબ જરૂરી છે. પાર્ટીની અંદર લોકશાહીની પ્રથા અંગે વધુ જાગૃત્તિ જાગે તે જરૂરી છે. મિડિયાએ પણ આમા ભૂમિકા ભજવવી જોઈએ. લોકશાહી મુલ્યો પાર્ટીઓના ભાગરુપે છે અને આના ઉપર વ્યાપક ચર્ચા થવી જોઈએ. મોદીએ કહ્યું હતું કે, તેઓ નક્કરપણે માને છે કે, રાજકીય પક્ષોની અંદર સાચી લોકશાહી ભાવનાનો વિકાસ જરૂરી છે. આ બાબત માત્ર દેશના ભાવિ માટે જરૂરી નથી બલ્કે લોકશાહી માટે પણ જરૂરી છે. વડાપ્રધાને કોઈ હરીફ પક્ષોનો ઉલ્લેખ કર્યો ન હતો પરંતુ એવા અહેવાલને લઈને ટિપ્પણી પરોક્ષરીતે કરી હતી જેમાં તેમના માતા સોનિયા ગાંધીની જગ્યાએ પાર્ટી પ્રમુખ તરીકે રાહુલ ગાંધીની વરણી કરવામાં આવનાર છે.

અનુસંધાન પાના નં.૬

પોતાની બ્રાન્ડ રિફ્રેશની પાછળ ઝી ટીવી પોતાના અગ્રણી હોવાને વધુ મજબૂત બનાવે છે

ઝી રિશ્તે એવોર્ડસ અને આજ લિખેંગેં કલ ફિચર ફિલ્મ મોટી સંખ્યાઓમાં બારીક નજર નાંખે છે. ઝી ટીવી દ્વારા ૧૫મી ઓકટોબર, ૨૦૧૭ ના રોજ જાહેર કરવામાં આવેલ રીફ્રેશ્ડ બ્રાન્ડ પ્રપોઝિશન આજ લિખેંગેં કલ ના

સંદર્ભમાં ઝી ટીવી દિવાળીના અઠવાડિયામાં સ્પર્ધાની ધાર પર પોતાના નેતૃત્વની સ્થિતિપર પોતાના અસ્તિત્વને મજબૂત બનાવી રહેલ છે. ઝી ટીવી હવે ઉંજીસ માં પેઈડ ચ્જિઝ માંહે ચોથા ભાગ કરતાં વધુથી મજબૂત અગ્રણી છે. ઝી ટીવી દેશભરમાં દર્શકોની સંવેદનશીલતાઓને ગમી ગયેલ છે. ચેનલની રેટિંગ્સમાં મજબૂત ફછાળો તેની વાર્ષિક એવોર્ડસ પ્રોપર્ટી ઝી રિશ્તે એવોર્ડસ દ્વારા ખેંચાઈ આવેલ છેએની નવી ફિલોસોફીને જિવંત બનાવનાર ઝી ટીવીની મલ્ટીપલ બ્રાન્ડ સંપત્તિઓ માટેના પ્રખ્યાઘાતો ભરપૂર છે. વિશાલ ભારદ્વાજ દ્વારા કંમ્પોઝ કરવા તથા શ્રેયા ઘોષાલ દ્વારા ગાવામાં આવેલ બ્રાન્ડના સ્તુતિ ગીતે ૬.૨ મિલિયન વ્યૂઝ મેળવેલ છે.

ઝી ટીવી પોતાના આજ લિખેંગેં કલ બ્રાન્ડ હેતુથી હરોળ–બંધ વિષયવસ્તુ સાથે મેળ ખાવા, ચેનલ પોતાના અસાધારણ ભવિષ્યનું નિર્માણ કરવા દર્શકોને વિનંતી કરી તેઓની સાથે પોતાના સબંધ મજબૂત બનાવવાનું ચાલુ રાખે છે.

વિક્રમ સિંહ ચૌહાણનો એક દિવાના થામાં વ્યોમ શો

વિક્રમ સિંહ ચૌહાણ જે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલીવિઝન પર ૨૩ મી ઓક્ટોબરથી દર સોમવારથી શુક્રવાર સુધી ૧૦.૦૦ કલાકે શરૂ થનારો કાર્યક્રમ એક દિવાના થામાં વ્યોમના પાત્રને ભજવે છે

૧. કાર્યક્રમમાં તમારી ભૂમિકા વિશે અમને કહો? દિવસોમાં પાત્ર કેવી રીતે આકાર લેશે?

એક દિવાના થાની વાર્તા ત્રણ લોકો શિવ, શરણ્યા અને વ્યોમની રોમેન્ટિક યાત્રા છે. ત્રણેય ખૂબ જ અલગ ભૂમિકા ભજવી રહ્યા છે વ્યોમ, જે પાત્ર હું ભજવું છું તે મારા માટે સંપૂર્ણપણે નવો છે. વ્યોમ ઉચ્ચમધ્યમ વર્ગના પરિવાર સાથે સંકળાયેલ છે, પરંતુ તે ઉજ્જવલ અને છટાદાર નથી. વ્યોમનું પાત્ર કેવી રીતે આકાર લેશે, તેના વિશે જાણવા માટે કાર્યક્રમ જોવાનું રહેશે. હું એમ કહી શકું છું કે દરેક એપિસોડમાં સંપૂર્ણપણે અલગ વંળાકો અને ષડયંત્ર હશે.

૨. તમે આ ભૂમિકા કેવી રીતે જીત્યા?

જયારે મારો શો, જાના ના દિલ સે દૂર સમાપ્ત થવાની તૈયારીમાં હતો, ત્યારે મને પ્રતિક તરફથી એક ફોન આવ્યો, જે શોના લેખક અને નિર્માતા છે અને મને કહ્યું હતું કે તે મને વ્યોમની ભૂમિકા આપવા માંગે છે. તેમણે વિચાર્યું કે હું એક યોગ્ય પસંદગી છું અને મને બનાવટી શૂટ માટે આવવા કહ્યું છે જ્યાં નમીક અને ડોનાલ પણ હાજર હતા અને હું તેમને પહેલી વાર મળ્યો હતો. અને આશ્ચર્યજનક અમને ત્રણને તરત જ પસંદ કરવામાં આવ્યા હતા.

૩. તમે અગાઉ વિવિધ ટેલિવિઝન પર શોનો ભાગ રહ્યા છો, આ પાત્ર તમે જે અગાઉ ભજવ્યા છે તેનાથી કેટલો અલગ હશે?

મુખ્યત્વે આ એક ખૂબ જ અલગ પાત્ર છે કારણ કે આ પહેલી વાર છે કે હું અલૌકિક તત્વના સમાવેશ સાથે કામ કરી રહ્યો છું. મેં આ કોટિમાં ક્યારેય કામ કર્યું નથી અને જ્યારે હું ભૂમિકા વિશે ખૂબ ઉત્સાહિત છું, હું એટલો જ બેચેન છું. તે મારા માટે મુશ્કેલ પડકારરૂપ ભૂમિકા છે, ખાસ કરીને પાત્ર કેવી રીતે આકાર લેશે. આ શોનો શ્રેષ્ઠ ભાગ એ છે કે તે મર્યાદિત શ્રેણી છે અને વાર્તાના પ્લોટ અચાનક બદલાશે નહીં એક દિવાના થામાં દરેક પાત્રને સારી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

નવાઝુદ્દીન સિદ્દિકી ટૂંક સમયમાં જ જનલક્ષ્મીમાંથી બનનારી જન સ્મોલ ફાઈનાન્સ બેંક★નો બ્રાન્ડ એમ્બેસેડર નિમાયો

WILL SOON BECOME
JANA
Jana Small Finance Bank

જનલક્ષ્મી ફાઈનાન્શિયલ સર્વિસીસ ભારતમાં સૌથી વિશાળ એમએફઆઈ છે અને ટૂંક સમયમાં તેની કામગીરી જન સ્મોલ ફાઈનાન્સ બેંક તરીકે શરૂ થવાની છે. આ સંસ્થાએ તેના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે વિખ્યાત ભારતીય ફિલ્મ અભિનેતા નવાઝુદ્દીન સિદ્દિકીને નિયુકત કર્યો છે. ટૂંકી ફિલ્મો થકી સંસ્થા ઉદ્યોગમાં નવાજનો નમ્ર શુભારંભ પ્રદર્શિત કરશે અને આવું કરીને દર્શકોને નાણાંના મૂલ્ય પર કેન્દ્રિત રહેવા માટે પ્રોત્સાહન આપશે.શ્રી સિદ્દિકી તળિયાના સ્તરેથી ઊભરી આવેલો અભિનેતા છે અને સખત મહેનતે કમાણી કરેલાં નાણાંનું મૂલ્ય જાણે છે, જે તમારાં નાણાંનું મૂલ્ય કરવાની સંસ્થાની માન્યતા સાથે સુમેળ સાધે છે. નવાઝ અમારી બ્રાન્ડ ફિલોસોફીમાં ઉમેરો કરે છે અને અમારી પ્રોડક્ટ ઓફર થકી અમે જે પ્રદર્શિત કરવા માટે ભાર આપીએ છીએ તે કનેક્ટ અને ક્રેડિબિલિટી ધરાવે છે.

કોણ બનશે ધારાસભ્ય... ફૈંસલો તમારા હાથમાં...

વિધાનસભાની ચૂંટણીના ભણકાર સંભળાઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષોએ સંમેલનો અને યાત્રાઓ દ્વારા પ્રચારના શ્રી ગણેશ કરી દીધા છે. ફરી એકવાર વાયદા અને વચનોની રસલ્હાણ કરાઈ રહી છે પરંતુ તેમાં ભરમાવાને બદલે એક જાગૃત મતદાર તરીકે લાયક ઉમેદવારની પસંદગી સૌની ફરજ બની જાય છે. ત્યારે પંથકનો વિકાસ કરી શકે તેવા સક્ષમ ઉમેદવારની પસંદગી થાય તે હેતુથી 'રખેવાળ' દ્વારા આપનો મત જાણવાનો એક પ્રયત્ન કર્યો છે. પક્ષાપક્ષીથી પર રહી આપ આપનો અભિપ્રાય નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી ફોર્મ ભરીને 'કોણ બનશે ધારાસભ્ય... ફૈસલો આપણા હાથમાં' લખી અમારા નજીકના પ્રતિનિધિને અથવા રખેવાળ કાર્યાલય કે ફોર્મના ફોટા પાડી અમારા વોટસઅપ નંબર ૯૮૨૪૫૦૨૧૦૨ ઉપર મોકલી આપશો.

નામ : ____________________ ઉંમર __________

સરનામું : ____________________ ગામ __________

વ્યવસાય : ____________________

તમારે માત્ર દરેક પ્રશ્નના ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ એક વિકલ્પ સામે આપેલા બોક્ષમાં ખરાનું નિશાન કરવું અથવા તમારો વ્યક્તિગત અભિપ્રાય આપવા માટે ચોથા વિકલ્પમાં લખવું તમારૂં નામ ગુપ્ત રાખવામાં આવશે.

(૧) તમે વિધાનસભામાં કેવો ઉમેદવાર પસંદ કરશો ?
અ. શિક્ષિત અને સર્વ લોકોને સાથે રાખીને ચાલે તેવા ? ☐
બ. સ્થાનિક ☐
ક. તમારા મત વિસ્તારની દરેક સમસ્યાનો ઉકેલ લાવે તેવા? ☐
ડ. ....

(૨) તમારા વર્તમાન ધારાસભ્યને મત આપવા કે ન આપવાના કારણો ?
અ. મત વિસ્તારના વિકાસમાં સક્રિય છે ? ☐
બ. વિધાન સભામાં પ્રશ્નોની રજુઆત કરી છે ? ☐
ક. અમારા મત વિસ્તારના કામો કરવામાં ઉણા ઉતર્યા છે ? ☐
ડ. ....

(૩) તમારા વિસ્તારના ભાવિ ઉમેદવાર પાસેથી શું અપેક્ષા છે ?
અ.તમારા વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ ? ☐
બ. તમારા વિસ્તારનો સર્વાંગી વિકાસ કરે. ☐
ક. ભ્રષ્ટાચારનો અંત લાવવા પ્રયત્ન કરે ? ☐
ડ. ....

(૪) તમારો ઉમેદવાર આપેલ વચનો ન પાળે તો ?
અ. તેને પાછા બોલાવવા મતદારોને અધિકાર હોવો જોઈએ? ☐
બ. તેના પર ફરી ચૂંટણી લડવાનો પ્રતિબંધ મુકવો જોઈએ ? ☐
ક. તેની સામે છેતરપિંડીનો ગુન્હો નોંધાવો જોઈએ ? ☐
ડ. ....

(૫) તમારા પસંદગીના ઉમેદવારો પક્ષના નામ સાથે ?

પક્ષ - કોંગ્રેસ	પક્ષ ભાજપ
(૧)......................	(૧)......................
(૨)......................	(૨)......................
(૩)......................	(૩)......................
(૪)......................	(૪)......................
(૫)......................	(૫)......................

અમારો આ સર્વે કોઈ પણ રાજકીય પક્ષ, વિચારધારા અથવા વ્યક્તિગત રીતે સીધા અથવા પરોક્ષ રીતે જોડાયેલો નથી. આ સર્વેની કવાયત માત્ર મતદારોના અભિપ્રાય જાણવા પુરતા જ છે. તેનાથી કોઈ પક્ષ કે વ્યક્તિને નિશાન બનાવવાનો આશય નથી.

ભાટવર ગામે મારામારી થતાં ત્રણ ઈસમો ઘવાયા

૧૮ ઈસમો વિરૂધ્ધ સામસામી ફરીયાદ

તા.પ્રતિ. વાવ

વાવના ભાટવર ગામે એક જ કોમના બે જુથો વચ્ચે મારા મારી થતાં ૩ વ્યક્તિ ઘાયલ થતાં થરાદ તેમજ મહેસાણા ખાતે સારવાર અર્થે ખસેડયા છે. આ મુદ્દે ૧૮ વિરૂધ્ધ સામસામી ફરીયાદો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે વાવના ભાટવર ગામે થયેલ મારામારીમાં ભીખા વખતા રબારીએ પોતાની ફરીયાદમાં જણાવ્યું હતું કે જેલણા રોડ પર આવેલ ખેતરમાં કામ કરતા હતા ત્યારે વેલાભાઈ અને મેવાભાઈ જેલાણા આવી પેટ્રોલ પંપે પાણી પીવા ગયેલ હતા ત્યારે ત્યાં વસરામ દાંના રબારી, અરજણ દાંના રબારી, ગોવિંદદાંના રબારી, કુંભા લગધીર રબારી, રતનશી જગમાલ રબારી (તમામ રહે. ભાટવર) એ આજે તમે ઘાટમાં આવ્યા છો તેમ કહી અપશબ્દો બોલી માર માર્યો હતો. જ્યારે અમરાભાઈ માંનાભાઈ રબારીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું ગુરૂવારે સાંજના ૫.૩૦ વાગ્યાના સમયે મેવા વજા રબારી, વેલા ભીખા રબારી, માદેવ કાળા રબારી, નાગજી ગણેશ રબારી, મેવા દરઘા રબારી, મેવા અખારબારી, લાખા ગજા રબારી, ગજા વખતા રબારી, જોધા ગગદાસ રબારી, પાંચા કાળા રબારી, સુરેશ પાંચા રબારી, લાલા ઠાકરશી રબારી, મેવા ચોથા રબારી (તમામ રહે.ભાટવર) ગામના સરપંચ પતિ રતના ગણેશને મેલી વિદ્યા (મુઢ નાખી) કરી મરણ ગયેલની અદાવત રાખી જગશી કુંભાને માથાના ભાગે અને ગીતાબેન કુંભાને ઈજાઓ કરી જગતા દાંનાનું રહેણાંક ખેતરમાં બનાવેલ છાપરૂ બાળી ગુનો કર્યા બાબતની ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ પી.એસ.આઈ. આઈ.ભાટી ચલાવી રહ્યા છે.

પાલનપુરમાં કલેકટરના અધ્યક્ષ સ્થાને ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ

વિધાનસભા ચૂંટણી તટસ્થ, નિર્ભય, નિષ્પક્ષ અને શાંત માહોલમાં યોજવા બનાસકાંઠા જિલ્લામાં તૈયારીઓ શરૂ

પાલનપુર

વિધાનસભાની સામાન્ય ચૂંટણી - ૨૦૧૭ ની તૈયારીઓ બાબતે પાલનપુર ખાતે જિલ્લામાં ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠા આર.જે માંકડીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના તમામ ચૂંટણી અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. વિધાનસભા ચૂંટણી તટસ્થ, નિર્ભય, નિષ્પક્ષ અને શાંત માહોલમાં સરસ રીતે યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી કમ કલેકટર માંકડીયાએ ચૂંટણી અધિકારીઓને વિસ્તૃત માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે કલેકટરએ જણાવ્યું હતું સીંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવા બાબતે, કોમ્યુનીકેશન પ્લાન અદ્યતન કરવા તથા ક્રોસ વેરીફીકેશન પૂર્ણ કરવા કલેકટરએ જણાવ્યું હતું. બેઠકમાં રેલી, સભા - સરઘસને મંજૂરી આપવા અંગે સમીક્ષા કરવામાં આવી હતી. પોલીસ વિભાગ દ્વારા કરવાની થતી કામગીરી અંગે કલેકટર માંકડીયા અને પોલીસ અધિક્ષક નીરજ બડગુજરે જરૂરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું.

કલેકટરએ અધિકારીઓને આદર્શ આચાર સંહીતાનું પાલન થાય અને ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર ચૂંટણી કામગીરી થાય તે માટે જણાવ્યું હતું. ચૂંટણી ખર્ચ નિયંત્રણ અંગે જિલ્લા વીકાસ અધિકારી અમીત અરોરાએ અધિકારીઓને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. એફએસટી, એસએસટીમાં હિસાબી કામગીરી અંગે જાણકારી આપી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર માંકડીયાએ ચૂંટણી કામગીરી અંગે જિલ્લાની તમામ વિધાનસભા બેઠકો દીઠ કરવામાં આવેલ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

બેઠકમાં જિલ્લામાં વિકાસ અધિકારી અમિત અરોરા, પોલીસ અધીક્ષક નીરજ બડગુજર, અધિક નિવાસી કલેકટર એલ.બી બાંભણીયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વી.કે ઉપાધ્યાય, તમામ પ્રાન્ત અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, મામલતદાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સાચો લોકસેવક ચૂંટીએ તો સારો વિકાસ થઈ શકે

કારણ વગરનું રાજકારણ ચૂંટણી ચક્રવ્યુહ ૨૦૧૭

યશપાલસિંહ ટી.વાઘેલા

મતદારોમાં સ્વયંભૂ જાગૃતિ વિકાસની પૂર્વ શરત

તા.પ્રતિનિધિ થરા

ગુજરાત વિધાનસભા - ૨૦૧૭ ની ચૂંટણીની જાહેરાત થતાં જ ચૂંટણીલક્ષી સળવળાટ શરૂ થઈ ગયો છે. ગઈકાલે આપણે જોયું કે ચૂંટણી ચક્રવ્યૂહમાં બનાસકાંઠા જિલ્લાનું ને તેમાંય અમારી વિધાનસભા બેઠક પર શું ? અલ્યા ભાઈ આપણા ચૂંટાયેલા લોક સેવક બિચારા, પાંચવર્ષ નવરા જ કયાં રહે છે કે તેમને આપણાને આપણા વિસ્તારના પ્રશ્ન કયાં યાદ આવે છે ? બનાસકાંઠા જિલ્લો સરહદીય અને સામાજીક શૈક્ષણિક રીતે પછાત છે. જુલાઈ - ૨૦૧૭ ના ભારે વરસાદને દાંતીવાડા - સીપુ ડેમના ઘોડાપુરની અસરને તે પછીની મથામણ હજુ ચાલે છે. વાવ - થરાદ - સુઈગામ તરફના હજુ કેટલાક ગામડાં પાણીના બેટમાં કે અન્ય રીતે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. રાજય સરકારને સેવાભાવી સંસ્થા - લોકો દ્વારા અઢળક સહાય ચૂકવાઈ જેનો અતિરેક થયો હોય તેવું પણ લાગ્યું જે વ્યક્તિ - વિસ્તારને આવી કુદરતી આફતના સમયમાં સહાયની જરૂર ન હોય તેમને ન લેવી જોઈએ ને એ પ્રકારની રાષ્ટ્રભાવના બતાવવાની જરૂર હતી પણ ના મફત નું મળે છે એટલે શા માટે છોડવું ?? આ વિચારધારાએ બનાસકાંઠા - પાટણ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં લાખો - કરોડ પતિઓ - નોકરીયાતો - વેપારીઓ - ખેડૂતો - પશુપાલકોએ જે લૂટાય સોરી લેવાય તેટલું લીધું છે ને હજુ ઓછું પડ્યું હોય તેવો ચણભણાટ પણ જોવા મળે છે. પાક નિષ્ફળના પૈસા મળ્યા જમીન ધોવાણના ક્યાં મળ્યાં છે ?? ખરેખર જેમના ઘરવખરી, કૃષિ, પશુ, જમીન, પરિવારને નુકશાન થયું હોય તે વ્યક્તિ - પરિવાર સુધી સહાય પહોંચી - પહોંચાડી હોય તે યોગ્ય છે. આજે નોબંધી પછી બેંકોમાં રાબેતા મુજબ થયેલી સ્થિતિ પુન : વિકટ બની છે. કોણ સાચું બોલે ? એટલે જ ચૂંટણીમાં સાચા લોકસેવકને ચૂંટીને મોકલો તો જ લોકશાહીના ફળ ચાખવા મળશે. ભ્રષ્ટ નેતાઓ અધિકારીઓને બોધપાઠ મળે તેવી જાગૃતિ પ્રજામાં હોવી જ જોઈએ. આજે બનાસકાંઠાની ઓળખ બનાસનદી પર નેતાઓ - અધિકારીઓની મલીલીભગતના કારણે રેતખનન માફીયા બેફામ બન્યા છે. રાત - દિવસ બનાસનદીના પટમાંથી રેત ઉલેચાઈ રહી છે. હપ્તો ન મળતાં કેટલાક અધિકારીઓ ટર્બા - ટ્રક પકડવાનું નાટક કરે છે. પણ છેવટે શુ ? ચૂંટણી છે ત્યારે તમારા વિસ્તારના પ્રશ્નોને તૈયાર રાખો વધુ આવતી કાલે કંઈક આપણા હૃદયની વાત લઈને...

કાણોદર - પાલનપુર હાઈવે ઉપર સ્વીફ્ટ અને બોલેરો ટકરાયા

સંજય જોષી

કાણોદર પાલનપુર હાઈવે ઉપર સ્વીફ્ટ અને બોલેરો ટકરાતા મોનીદેવી મગનારામ પ્રજાપતિ ઉ.વ.૪૨, આહોર (રાજસ્થાન), મંગલીદેવી કરણરાવ પ્રજાપતિ, ઉ.વ.૫૨, આહોર (રાજસ્થાન), મગનારામ કેશાજી પ્રજાપતિ ઉ.વ.૨૮, આહોર, રાજસ્થાન, અશોકભાઈ કેશાજી પ્રજાપતિ, ઉ.વ.૪૫, આહોર રાજસ્થાન, મીરાંબેન રાણાજી પ્રજાપતિ, ઉ.વ.૪૩, સુમેરપુર ઘવાયા હતા. ઘવાયેલાઓને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

ગુંદરી ધાનું કૃષિ બજારના ઉદ્દઘાટનમાં જ ૩૫ હજાર બોરીની મબલખ આવક નોંધાઈ

ધાનુ કૃષિ બજારની નવી પહેલ ખેડૂતો માટે આશીર્વાદ રૂપ સાબિત થશે : શંકરભાઈ ચૌધરી

પ્રતિનિધિ પાંથાવાડા

બનાસકાંઠા જીલ્લાની સરહદે શનિવારે ગુંદરી ખાતે ખાનગી ધોરણે તૈયાર થયેલા ધાનું કૃષિ બજારનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસેજ ૩૫ હજાર બોરીની મબલખ આવક નોંધાઈ હતી. સવારથીજ ખેત પેદાશો લઈને આવતા વાહનોની કતારો લાગી હતી. રાજયના આરોગ્ય મંત્રીએ આ કૃષિ બજાર ધમધોકાર ચાલશે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

રાજસ્થાની સરહદને અડીને આવેલા બનાસકાંઠા જીલ્લાના ગુંદરી ખાતે શનિવારે ખેડૂતો પોતાની ખેત પેદાશો સરળતાથી અને પુરા ભાવથી વેચી શકે તે માટે ખાનગી ધાનું કૃષિ બજારનું ઉદ્ઘાટન રાજયના આરોગ્ય મંત્રી શકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંકના ચેરમેન અજયભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસેજ ૩૫ હજાર બોરીની મબલખ આવક નોંધાઈ હતી. આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે,

અનુસંધાન પાના નં.૬

રાહતના કામને યાદ રાખી પ્રજા જીલ્લાની નવે બેઠકો ભાજપાને આપશે : રાજ્યમંત્રી

બનાસકાંઠા જીલ્લાના રાજકારણમાં રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીનું આગવું મહત્વ છે. તેઓએ ચૂંટણી લક્ષી સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, બનાસકાંઠા જીલ્લામાં પૂર આવ્યા બાદ સરકાર દ્વારા રાહતના કામોમાં જે સજાગતા બતાવવામાં આવી તે પ્રજાને યાદ છે, અને તેના કારણે વિધાનસભાની ચૂંટણીમાં બનાસકાંઠાની ૯ બેઠકો પર ભાજપનો વિજય થશે. આજે ગુંદરી ખાતે ધાનુ કૃષિ બજારનું ઉદ્ઘાટન કરવામાં આવતા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થતાની સાથે જ રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. રાજ્યમંત્રીએ અલ્પેશ ઠાકોર બાબતે જણાવ્યું હતું કે, તેઓ કોંગ્રેસના હતા માટે જ કોંગ્રેસમાં જોડાયા છે. શંકરભાઈ ચૌધરીના મત વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દલિત નેતા જીજ્ઞેશ મેવાણી અને અલ્પેશ ઠાકોરના પ્રભુત્વ બાબતે પ્રતિક્રીયા આપતા જણાવ્યું હતું કે, બનાસકાંઠા જીલ્લામાં ચૂંટણી લડવા માટે તેઓનું સ્વાગત છે. જયારે છેલ્લા કેટલાય સમયથી શંકરભાઈ ચૌધરી પોતાની બેઠક બદલશે તેવી અટકળો એ જોર પકડ્યું છે. જે બાબતે સ્પષ્ટતા કરતા તેમણે જણાવ્યું હતું કે, તેઓ ભાજપના કાર્યકર છે અને પક્ષ જે પણ આદેશ આપશે તે પ્રમાણે તેઓ ચૂંટણી લડશે. આચારસંહિતાનો અમલ થઈ ગયો હોવા છતાં આજે તેઓએ ગુંદરી સ્થિત નવા કૃષિ બજારનું ઉદ્ઘાટન કર્યું છે, જે મામલે તેમને જણાવ્યું હતું કે, આ ખાનગી મિલ્કત છે અને તેના ઉદ્ઘાટનમાં ક્યાંય આચારસંહિતા નડતી નથી.

ધાનેરામાં બાઈકની ચોરી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા વીજ કંપનીની કચેરીએ પાંથાવાડાના બાબુભાઈ ઈશ્વરભાઈ ભીલ પોતાનું બાઈક લઈને વિજ બીલ ભરવા ગયા હતા જે બાઈક કચેરી આગળ પાર્ક કરી બીલ ભરવા ગયા હતા. બાદમાં બીલ ભરીને પરત આવતા બાઈક જણાયું ન હતું જેની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં તેમણે રૂા.૩૦,૦૦૦ ની કિંમતના બાઈકની ચોરીની ફરીયાદ નોંધાવી હતી. જેની પોલીસે તપાસ હાથ ધરી છે.

ચેખલા ગામે ગાડી આગમાં સપડાઈ


વિષ્ણુ સોલંકી

પ્રતિ. ખીમાણા

કાંકરેજ તાલુકાના ચેખલા ગામે શિહોરીથી ખીમાણા હાઈવે ઉપર પસાર થઈ રહેલ ગાડીમાં અચાનક આગ ભભૂકી ઉઠતાં સમગ્ર ગાડી આગની લપેટમાં આવતા અફડા - તફડી મચી ગઈ હતી જો કે ડ્રાઈવરનો આબાદ બચાવ થયો બાદમાં થરાથી ફાયર ફાઈટર દોડી આવી આગ પર કાબુ મેળવ્યો હતો. આ બનાવના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. તો બીજી તરફ શિહોરી પોલીસ તેમજ નેશનલ હાઈવે ઓથોરીટી તથા સ્થાનિક લોકો પણ મદદમાં જોડાયા હતા. આગમાં ગાડી બળીને ખાખ થઈ ગઈ હતી.

રાજસ્થાનના સાંચોરમાં પોલીસ એન્કાઉન્ટરમાં અપહરણ અને લૂટનો આરોપી ઠાર

અન્ય એક યુવકને ગોળી લાગતા સારવાર અર્થે ડીસા લવાયો

ડીસા

રાજસ્થાનના સાંચોર ગામે મુળ.આંધ્રપ્રદેશના કરનુલ પોલીસ મથકે અપહશરણ અને લૂટના આરોપી ભીમસિંહ ભોમીયા રાજપુતનું પોલીસે સાંચોર રાનીવાડા રોડ પર શુક્રવારે બપોરના સુમારે એન્કાઉન્ટર કર્યું હતું. આરોપી ભીમસિંહ ધોન ગ્રામીણ થાનાએરીયામાં એક મારવાડીનું અપહરણ કરી ૫ કરોડ ઉપરાંતની લૂંટ કરી હતી. આ મામલે થયેલી ફરીયાદમાં પોલીસ આરોપી ભીમસિંહને શોધતી હતી અને શુક્રવારે આ આરોપી સાંચોર ગુજરાત બોર્ડર પર દેખાતા પોલીસે તેનો પીછો કર્યો હતો પરંતુ આરોપીએ પોલીસ પર ફાયરીંગ કરાતા પોલીસે પણ જવાબી ફાયરીંગ કરતા આરોપી ભીમસિંહનું ગોળી વાગતા મોત નિપજ્યું હતું આ ગોળીબારમાં અન્ય એક યુવક ભરત સગથારામ પુરોહિત મુળ રહે. સાંચોરવાળાને પણ ગોળી વાગતા પ્રથમ તેને સ્થિત ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવેલ જ્યાં તેની સઘન સારવાર શરૂ કરવામાં આવેલ છે.

લીમડાના વૃક્ષમાં રામ ભકત હનુમાનની સાક્ષાત પ્રતિતી

હનુમાનદાદા સાથે પૌરાણિક વૃક્ષની પણ પૂજા

ડીસા તાલુકાના વડાવળની અનોખી વિરાસત



પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના વડાવળ ગામમાં પૌરાણિક હનુમાન દાદાનું મંદિર આવેલ છે. બનાસ નદીના તટ પર વસેલા વડાવળ ગામમાં હનુમાન દાદાની મૂર્તિ હોઈ જૈન સાધુ દ્વારા પ્રસ્થાપીત કરાયેલી હોવાની લોકવાયકા છે. સમગ્ર ગ્રામજનો માટે શ્રદ્ધા અને આસ્થાના પ્રતિક સમા હનુમાન દાદાના મંદિરનો ગામલોકોએ સારો એવો વિકાસ કર્યો છે ત્યારે દર શનિવારે સમગ્ર ગ્રામજનો હનુમાન દાદાના અચુક દર્શન કરે છે. હનુમાન મંદિરમાં ઉભેલા લીમડાનું વૃક્ષ પણ ઘણાં વર્ષ જુનું હોવાનું કહેવાય છે. વળી આ લીમડાનું વૃક્ષ સાક્ષાત હનુમાનદાદાની પ્રતિતી કરાવે છે. લંકામાં હનુમાન સીતા મૈયાની શોધમાં પહોંચ્યા હતા ત્યારે અશોકવાટીકામાં બેઠેલ સીતામૈયા પાસે હનુમાન દાદા પહોંચ્યા ત્યારે સીતાજીએ હનુમાનજીને રામના સાચાદુત હોવાની સાબિતી આપતા કહ્યું ત્યારે રામભકત હનુમાને પોતાની છાતી ચીરીને રામના દર્શન કરાવ્યા હોવાનો આપણા શાસ્ત્રોમાં ઉલ્લેખ છે તે જ રીતે વડાવળ ગામમાં હનુમાનદાદાના મંદિરમાં રહેલા લીમડાનું વૃક્ષ પણ પોતાના થડમાં હનુમાન દાદાની જેમ છાતી ચીરીને ઉભું છે.જેથી સાક્ષાત હનુમાન દાદાની આ વૃક્ષ પ્રતિતી કરાવી રહ્યું છે.હનુમાન દાદાની મૂર્તીની પાછળ વર્ષોથી અડીખમ ઉભેલ વૃક્ષ પણ હનુમાન દાદાની પ્રતિતી કરાવતા ગામલોકો શ્રદ્ધાભેર તેની પણ પુજા અર્ચના કરે છે.

ધાનેરા પોલીસે વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી

એન.કે.મોદી

તા.પ્રતિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરે વિધાનસભાની ચૂંટણી દરમ્યાન આચાર સંહીતાના કડક અમલીકરણ માટે બોર્ડર ચેકપોસ્ટ ઉપર સઘન વાહન ચેકીંગ કરવા સૂચના આપેલ છે. જે અનુસંધાને ધાનેરા પી.આઈ.આર.કે.પાઠક અને પી.એસ.આઈ. એન.સી. ચૌહાણે સ્ટાફ સાથે ના.પોલીસ અધિક્ષક (થરાદ) એ.એચ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ જુદી - જુદી ટીમો બનાવી વાહનોની સઘન ચકાસણી હાથ ધરી હતી. જે દરમ્યાન ઝડપાયેલ સ્વીફ્ટ ગાડી (નં.જી.જે.૦૯ બીબી ૮૭૭૭) માંથી વિદેશી દારૂની ૬૨૪ બોટલ (કિંમત રૂા.૧,૨૦,૦૦૦) મળી આવી હતી. તેથી પોલીસે દારૂ અને ગાડી મળી કુલ રૂા.૬,૨૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તેના ચાલક વિરૂધ્ધ કયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલનપુર અમદાવાદ હાઈવે પર અકસ્માત

પાલનપુર

પાલનપુર-અમદાવાદ હાઈવે પર છાપી નજીક રાજસ્થાની બસ ટ્રક પાછળ ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રાજસ્થાન પરિવહનની બસમાં સવાર ૮ લોકોને વધતી ઓછી ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. જોકે, સદનસીબે જાનહાની ટળી હતી.

કાંકરેજ લીગલ સેલમાં જવાબદારી અપાઈ

પ્રતિ. થરા

આગામી વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને દરેક વિભાગમાં પ્રભારી, સહ પ્રભારી અને કન્વીનરની નીમણૂંક કરવામાં આવે છે. આગામી ચૂંટણીને અનુલક્ષીને લીંગલ સેલમાં શીરવાડાના વતની. શીવશંકરભાઈ જોષીને વિશેષ જવાબદારી આપવામાં આવેલ છે. જેઓ આગામી વિધાનસભા ચૂંટણીમાં લીંગલ માર્ગદર્શન કરશે.

થરાદમાં નાસતો - ફરતો આરોપી પકડાયો

પ્રતિનિધિ થરાદ

થરાદ પી.આઈ.કે. એલ.ચૌધરી અને પી.એસ. આઈ. ડી.એન. શર્માએ સ્ટાફ સાથે મળેલ બાતમીના આધારે દારૂબંધીના ગુનામાં નાસતા ફરતા આરોપી મહેશકુમાર માનારામ વિશ્નોઈ (રહે.ચૈનપુરા તા.ગુડામાલાણી જિ.બાડમેર) ને શહેરમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડગામના પસવાદળ ગામે કેબલની ચોરી

પ્રતિ. છાપી

વડગામ તાલુકાના પસવાદળ ગામની સીમમાં આવેલ જવાનસીંહ રણછોડજી વાઘેલાના ખેતરમાંથી ૧૨૫ ફુટ કેબલ (કિંમત રૂા.૧૫૦૦૦) તેમજ મદારજી નવાજી વાઘેલાના ખેતરમાંથી ૧૦૦ ફુટ કેબલ (કિંમત ૧૨૦૦૦) મળી કુલ ૨૨૫ ફુટ કેબલની ચોરી તા.૧૯/૧૦/ ૧૭ ના રોજ થયેલ જેથી મદારજી વાઘેલાએ છાપી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા છાપી પી.એસ. આઈ.એમ. એમ.દેસાઈના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પીલુચા મોચી સમાજ દ્વારા ચામુંડા માતાજીનો યજ્ઞ યોજાયો

પ્રતીનીધી પીલુચા

વડગામ તાલુકાના પીલુચા માં ચામુંડા માતાજી ના મંદિરે યજ્ઞ યોજાયો હતો. આ યજ્ઞ માં પીલુચા ગામના તથાગુજરાત અને રાજસ્થાનમાં રહેતા મોચી સમાજના પરિવાર તરફથી શનિવાર ના રોજ તૃતીય સ્નેહમિલન અને ચામુંડા માતાજીનો નવચંડી યજ્ઞ નું આયોજનના રાખવા માં આવ્યું હતું. જેમાં ગુજરાતમાં અને રાજસ્થાનમાં રહેતા પીલુચા પરિવારના મોચી સમાજના બધાજ લોકો સહપરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ ચામુંડા માતાજીના મંદિરે યજ્ઞનું આયોજન પીલુચા મોચી સમાજના પ્રમુખ અનિલકુમાર મિયાચંદભાઈ પરમાર ,ઉપપ્રમુખ કમલેશભાઈ પરમાર, મંત્રી દેવેશ પરમાર તથા કમિટીના સભ્યોએ કર્યું હતું. આ યજ્ઞમાં આવેલ પીલુચા મોચી સમાજની પરણિત દીકરીઓને ભેટ આપવામાં આવી હતી.

બી.ડી.શાહને ભાભર ખાતે નિમણૂંક

ભાભર ખાતે પી.એસ.આઈ.નો વિદાય સમારંભ યોજાયો

વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ ભાભર

છેલ્લા ૧૦ માસથી ભાભર પોલીસ મથક ખાતે ફરજ બજાવતા પી.એસ.આઈ. એમ.જે.ચૌધરીની બદલી ડીસા ખાતે થવા પામી છે. જ્યારે ભાભર પોલીસ મથકમાં બી.ડી.શાહને પી.એસ.આઈ તરીકે મુકવામાં આવ્યા છે. બદલી પામેલ એમ.જે.ચૌધરીનો ભાભર પોલીસ મથક ખાતે વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં ભાભર શહેર અને તાલુકાના વિવિધ આગેવાનો, સંગઠનોના પદાધિકારીઓએ હાજર રહીને વિદાય લેનાર ચૌધરીને નાની - મોટી ભેટ આપીને સન્માન સાથે વિદાય આપી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાઈને પી.એસ.આઈ. ચૌધરીનું સન્માન કર્યું હતું.

પાલનપુરના બારડપુરા વિસ્તારમાં બંગડીની દુકાનમાં આગ

પાલનપુર

પાલનપુરના ભરચક એવા બારડપુરા વિસ્તારમાં આવેલી એક બંગડીની દુકાનમાં શોર્ટ સર્કીટને કારણે સામાન્ય આગ લગતા દોડધામ મચી જવા પામી હતી.

જોકે, આગ ઉપર જલ્દીથી કાબુ મેળવતાં મોટું નુકશાન થતા અટકી ગયું હતું. આગને પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળાં એકત્ર થઈ ગયા હતા. દરમિયાન, પાલનપુર પૂર્વ પોલીસએ ઘટના સ્થળે પહોંચી જઈ વધુ તપાસ હાથ ધરી હતી.

થરાદ દુષ્કર્મ પ્રકરણનો આરોપી ઝડપાયો

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના મોરથલ ગામની એક સગીરા દુધમંડળીમાં દુધ ભરાવીને પરત ફરી રહી હતી.જેની એકલતાનો ફાયદો ઉઠાવીને ગામના જયંતિભાઈ ચમનાજી માળી (રહે.મઘાજી ગોળીયા) બળજબરી પુર્વક દુષ્કર્મ આચરી નાસી છુટ્યો હતો.ભોગ બનનાર યુવતીએ થરાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જેની તપાસ પી.આઈ.કે. એસ. ચૌધરી એ હાથ ધરી હતી.જેમણે આ દુષ્કર્મ પ્રકરણના આરોપી જયંતી માળીને શુક્રવારની સાંજે થરાદમાંથી ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો.

શિયાળાનું ફળ સીતાફળ

વિનોદ બાંડીવાલા

શિયાળાની શરૂઆત ધીમે ધીમે થવા લાગી છે. વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થવા લાગતાં શિયાળાની સીઝનનું સ્વાદિષ્ટ મીઠું ફળ એટલે સીતાફળની લારીઓ ડીસાની બજારમાં નજરે પડવા લાગી છે. સીતાફળ જોઈ ભલભલાના મોંમાં પાણી આવી જાય તેવું આ મીઠું સીતાફળ ૧ કીલોના ૪૦ થી ૫૦ રૂપિયે વેચાણ થવા લાગ્યું છે.

તંત્રી સ્થાનેથી ...

આફતના સમયે ધીરજ નહીં ગુમાવવી જોઈએ

કાળી કમાણી વિદેશ કરતાં દેશમાં વધુ

કાળા નાણાંની તપાસ માટે સરકાર દ્વારા રચવામાં આવેલ એસઆઈટીએ સર્વોચ્ચ અદાલતને એ મહત્વપૂર્ણ જાણકારી આપી કે ભારતીયોનું સ્વિસ બેંકોમાં જ્યાં ૪૪૭૯ કરોડ રૂપિયાનું કાળું નાણું જમા છે ત્યાં જ આપણા દેશમાં ૧૪૯૫૮ કરોડનું કાળું ધન છે. આ જાણકારી ચોક્કસપણે ચોંકાવનારી છે, પરંતુ તેમ છતાં તેને અસત્ય ન કહી શકાય કારણ કે અર્થવ્યવસ્થાની બારીકીઓ પર નજર રાખનારાઓને લાંબા સમયથી એ ખબર છે કે વિદેશ કરતાં દેશમાં વધુ કાળી કમાણી છે.

સામાન્ય રીતે કાળું ધન એ કમાણીને કહીએ છીએ કે જેના પર સરકારોને કોઈ કર ચૂકવવામાં ન આવ્યો હોય. આ આવક કાયદેસર અને ગેરકાયદેસર બંને પ્રકારના સ્ત્રોતોથી થઈ શકે છે. ગેરકાયદે રીતોમાં તસ્કરી, ષડયંત્ર, ભ્રષ્ટાચાર વગેરે સામેલ છે. કાળું નાણું કેટલું છે, તેને લઈને અનેક પ્રકારના આકલન કરવામાં આવે છે પરંતુ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પબ્લિક ફાઈનાન્સ એન્ડ પૉલિસી (એનઆઈપીએફપી)ના એક ગોપનીય મનાતા અધ્યયન અનુસાર ૨૦૧૩માં ભારતની કાળી અર્થવ્યવસ્થા કુલ જીડીપીના ૭૫ ટકા જેટલી હતી. ૧૯૮૪માં જ્યારે એનઆઈપીએફપી દ્વારા આ પ્રકારનું અધ્યયન કરવામાં આવ્યું હતું ત્યારે કાળી કમાણી કુલ જીડીપીના ૨૧ ટકા જેટલી જોવા મળી હતી. તેનો મતલબ છે કે ત્રણ દાયકામાં કાળી કમાણી ત્રણ ગણા કરતાં પણ વધી ગઈ છે. હાલના નાણાંકીય વર્ષમાં ભારત સરકાર ૧૩.૬૪ લાખ કરોડ રૂપિયાના કર અને શુલ્કોની વસૂલીની આશા રાખી રહી છે પરંતુ તેનો એ પણ મતલબ છે કે સરકાર ૭૫ ટકા કાળી કમાણી પર અતિરિક્ત કરોની વસૂલી નથી કરી શકી, જે ૧૦.૪૦ કરોડ રૂપિયા સુધી હોઈ શકે છે. આ બહુ મોટી રકમ છે. સરકાર તેને નજરઅંદાજ ન કરી શકે. એવામાં એસઆઈટી પ્રમુખ જસ્ટિસ એમ.બી. શાહનું એ કહેવું બિલકુલ સાચું છે કે, ટેક્સ ચોરીને એક ગંભીર અપરાધિક કૃત્ય માનવામાં આવે. આજે ભારતમાં ફક્ત ૩.૫ કરોડ લોકો આવકવેરો ચૂકવે છે. તેમાંથી પણ ૮૯ ટકાએ ૦ થી ૫ લાખ રૂપિયા સુધીના સ્લેબમાં પોતાની આવક પ્રદર્શિત કરી છે. તેનો મતલબ છે કે, ફક્ત ૧૧ ટકા કરદાતા એવા છે,

જેમની વાર્ષિક આવક ૫ લાખથી વધારે છે. આ બહુ અજીબોગરીબ આંકડો છે. કારણ કે, ગત વર્ષે મંદીનો માહોલ હોવા છતાં ભારતમાં ૨૨ લાખથી વધુ લોકોએ નવાં વાહન કે એસયુવી ખરીદ્યાં હતાં. દેખીતું છે કે, મોટાભાગના લોકો કર ચૂકવતા નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં વિભિન્ન સામાજિક આંદોલનોને કારણે વિદેશોમાં જમા કાળા નાણાં પર જરૂર કરતાં વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ ધનને લઈને પણ મનમાફક આંકડા રજૂ કરવામાં આવે છે. એમ પણ કહેવાતું હતું કે, જો વિદેશોમાં જમા કાળા ધનને ભારતમાં લઈ અવાશે તો દરેક ભારતીયના બેંક ખાતામાં ૧૫ લાખ રૂપિયા હશે. અને એવું પણ કે વિદેશોમાં જમા આ રકમ ફક્ત ૧૦૦ દિવસમાં ભારતમાં લાવી દેવાશે. સ્વિસ નેશનલ બેંકે કહ્યું છે કે, ભારતીયોના નામે ગયા વર્ષે સ્વિસ બેંકોમાં ૧૪,૪૦૦ કરોડ રૂપિયા જમા કરાવવામાં આવ્યા પરંતુ તેમાંથી એક મોટો હિસ્સો કાયદેસરના ધનનો પણ હોઈ શકે છે. કારણ કે ભારતીયોને એક વર્ષમાં ૧ લાખ, ૨૫ હજાર ડોલર સુધીની રકમ પોતાના વિદેશી ખાતામાં જમા કરાવવાની સ્વતંત્રતા છે. એ જરૂરી છે કે, વિદેશોમાં જમા કરાવવામાં આવેલ નાણાંનો એક મોટો હિસ્સો એફડીઆઈ રૂપે પાછો ભારત આવે છે. એકલા મોરેશિયસ, જે એક મોટું 'ટેક્સ હેવન' છે, ત્યાંથી જ ભારતને તેના ૫૦ ટકા એફડીઆઈ મળે છે કે પછી ચૂંટણીઓ દરમિયાન રાજનેતાઓ દ્વારા તેનો ઉપયોગ કરી લેવાય છે. કડવી સચ્ચાઈ એ પણ છે કે, કાળી કમાણીનો એક મોટો હિસ્સો ભારતમાં જ રહે છે અને તેને વિભિન્ન નિર્માણ પરિયોજનાઓ, ઉપભોક્તા-ખર્ચ, પરિવહન અને પર્યટન ઇત્યાદિમાં ખપાવવામાં આવે છે.

ભારત આજે પણ મુખ્યત્વે રોકડ રૂપિયાથી સંચાલિત થનારી અર્થવ્યવસ્થા છે અને રોકડ લેણદેણમાં બહુ આસાનીથી સરકારને થાપ ખવડાવી શકાય છે. ૧૯૮૫માં રાજીવ ગાંધી સરકારે ચેક બાઉન્સ થવાને અપરાધિક કૃત્ય બનાવી દીધું હતું. તેનો મકસદ એ હતો કે ચેકોના નિયમિત લેણદેણની પ્રક્રિયાને પ્રોત્સાહિત કરી શકાય પરંતુ આપણી અદાલતોએ બાઉન્સર પર ચલાવવાના કેસોને ઉલ્ટા પ્રભાવિત પક્ષ માટે મુસીબતોનું કારણ બનાવી દીધા. ચેક બાઉન્સના ઢગલાબંધ કેસોએ અદાલતી પ્રક્રિયાને જામ કરી દીધી. તેથી આપણે ફરીથી 'કેશ એન્ડ કેરી'ની એ પ્રણાલી પર પાછા ફર્યા છીએ જે જાણે-અજાણ્યે કરચોરીની પ્રવૃત્તિને ઉત્તેજન આપે છે. જોવામાં આવે તો રાજકારણ એક ફૂલટાઈમ ધંધો છે. જે લોકો રાજકારણમાં છે, તેઓ મોટેભાગે પરિવારનું ભરણપોષણ કરવા કોઈ બીજો નોકરી-ધંધો નથી કરતા. તેમાંથી કેટલાકની પાસે આવકના ખાનગી સ્ત્રોત હોઈ શકે છે પરંતુ મોટાભાગના એવા છે, જેમની મદદ કારોબારીઓ દ્વારા કરવામાં આવે છે, જેથી બાદમાં તેના રાજકીય પ્રભાવનો લાભ ઉઠાવી શકાય. આપણે જોઈ શકીએ છીએ કે મોટાભાગના રાજનેતા આવકનો કોઈ નિશ્ચિત સ્ત્રોત ન હોવા છતાં આલીશાન જિંદગી વિતાવે છે. એવું પણ નથી કે રાજકીય પક્ષોને મળનારા પૈસાનું ડિક્લેરેશન નથી કરાતું.

ટપરવેરના સ્પાઈસ અપ સાથ કરો તમારા કિચનને જેઝ અપ

ટપરવેર તમારા સ્માર્ટ કિચન માટે આ તહેવારોની સિઝનમાં લાવ્યું છે અવનવા કિચન એસેન્સિઅલ્સ

ટકાઉ અને સ્માર્ટ સંગ્રહની વિશાળ શ્રેણી દર્શાવતા, ટપરવેર પોતાના ગ્રાહકોને મંત્રમુગ્ધ કરવા નવી ઉત્સવ શ્રેણી રજૂ કરે છે. રસોડામાં ખોરાકને સ્વાદિષ્ટ બનાવવા માટેનું ગુપ્ત ઘટક સુગંધિત મસાલાનો નોંધપાત્ર ઉપયોગ છે. જો કે, તેમને યોગ્ય રીતે સંગ્રહ કરવામાં ન આવે તો, તે પોતાનો સ્વાદ અને સુગંધ ગુમાવીને સ્વાદ વિનાના પાવડર બની જાય છે. Buy Spice Up Your Life Set: ૨૫૦૦/- INR

કેપ્રેસીના વિન્ટર ઓટમ કલેક્શન ૨૦૧૭ સાથે સાચા ફેશનિસ્ટ બનો

કોઈપણ પ્રસંગ માટે સંપૂર્ણ ભવ્ય અને સ્ટાઈલિશ સંગ્રહ

વી.આઈ.પી ઈન્ડસ્ટ્રિઝની લોકપ્રિય ઉચ્ચ ફેશન મહિલા એક્સેસરીસ બ્રાન્ડ કેપ્રેસીએ વિન્ટર ઓટમ કલેક્શન ૨૦૧૭ની જાહેરાત કરી. આ નવા કલેક્શનમાં હેન્ડબેગની વિશાળ શ્રેણી છે, જેમાં છીછરા, સ્લિંગ્સ, અને લેપટોપ સ્લીવ્સનો સમાવેશ થાય છે,જેના માટે ડસ્ટી પીન્ક, મૌવે, ટીલ અને કોરલ જેવા પેસ્ટલ્સના આકર્ષક રંગોની પસંદગી કરવામાં આવી છે. કેપ્રેસીના વિન્ટર ઓટમ કલેક્શન ૨૦૧૭ આજની મોર્ડન અર્બન મહિલા માટે પરફેક્ટ કમ્પેનીઅન છે.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥

ISO 9001:2008 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

કોલમનું ટાઇટલ :- શેરબજાર જોખમી તબક્કા માં...!! નફો બુક કરો...!!!

ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય :30.૧૦.૨૦૧૭ થી ૦૩.૧૧.૨૦૧૭

રોકાણકાર મિત્રો, આનંદ ને ...!!

ગત સપ્તાહે ભારતીય શેરબજારમાં દીપાવલી શુભ મુહુર્તના દિવસે નફારૂપી વેચવાલીના પ્રત્યાઘાતી ઘટાડા બાદ અને વિવિધ પ્રતિકૂળતાઓના પગલે મહદ્ અંશે મંદીમાં ફસાયેલ દેશના અર્થતંત્રને વિકાસલક્ષી વેગ આપવા સરકાર દ્વારા પીએસયુ બેંકો માટે અંદાજીત રૂ.૨.૧૧ લાખ કરોડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર માટે રૂ.૭ લાખ કરોડના બેન્કિંગ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે જાહેર કરાયેલા સ્ટીમ્યુલસ પેકેજ પાછળ સેન્સેક્સ તેમજ નિફ્ટીએ એતિહાસિક સપાટીઓ નોંધાવી હતી તો બીજી તરફ કરન્સી માર્કેટમાં પણ અમેરિકન ડોલર સામે રૂપિયો સુધારા તરફી બની રહ્યો હતો. સરકારના બેંક રીકેપિટલાઈઝેશનના નિર્ણયના પગલે જાહેર ક્ષેત્રની બેંકોના શેરોમાં અંદાજીત ૨૬ % થી ૫૦ % સુધીના ઉછાળા તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની કંપનીઓના શેરો ૬ % સુધી ઉછળ્યા હતા. આ સિવાય કેપિટલ ગુડ્ઝ ઓટો, મેટલ તેમજ ઓઈલ- ગેસ શેરોમાં પણ ઝડપી ઉછાળા નોંધાયા હતા.

વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, ભારત એ વિશ્વનું સૌથી મોટું ત્રીજું અર્થતંત્ર છે જ્યાં નોટબંધી અને જીએસટીને કારણે વેપારઉદ્યોગની કામગીરી ખોરવાઈ હતી અને ગ્રાહકોની માગમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. ભારતનો વિકાસદર ચાલુ નાણાકીય વર્ષે ૩૧ માર્ચના અંતે ઘટીને ૬.૭ % ના ચાર વર્ષના નીચલા સ્તરે રહેશે તેવું રોઈટરના પોલમાં જણાવાયું હતું. ૩૦ જેટલા અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય લઈને આ પોલ જાહેર કરાયો હતો. સરકાર દ્વારા ૨૦૧૪-૧૫માં જીડીપીની ગણતરી માટે નવી પદ્ધતિ અપનાવવામાં આવ્યા પછી માર્ચ ૨૦૧૮ના અંતે જીડીપી ગ્રોથ ૬.૭ ટકાના દરે ચાર વર્ષને તળિયે રહેશે તેવું અનુમાન આ પોલમાં રજૂ કરાયું હતું. ૧૨થી ૨૪ ઓક્ટોબર વચ્ચે આ પોલની કામગીરી હાથ ધરાઈ હતી જયારે આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ દ્વારા ચાલુ વર્ષ માટે ભારતનો જીડીપી ઘટીને ૭.૨ % રહેવાની ધારણા વ્યક્ત કરાઈ હતી. નોટબંધી અને જીએસટીને કારણે કંપનીઓનાં વેચાણ અને નફામાં ઘટાડો થવાની શક્યતા સાથે દેશના અર્થશાસ્ત્રીઓ દ્વારા ભારતના આર્થિક વિકાસનું આઉટલુકમાં ઘટાડા સાથે ફુગાવો વર્ષ ૨૦૧૮-૧૯માં સરેરાશ ૪.૫ % ના દરે રહેવાનો અંદાજ છે. ભારતની બેન્કો પર શકમંદ લોન(NPA)નો બોજ વધશે તેવી ધારણા રજૂ કરાઈ હતી.

મિત્રો, GST અને નોટબંધી જેવા આર્થિક મુદ્દા હોવા છતાં સ્તઃનીક તેમજ વિદેશી સંસ્થાઓએ જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૧૭ ના ક્વાર્ટરમાં ફાર્મા કંપનીઓના શેર્સમાં ધૂમ ખરીદી કરી છે. ક્વાર્ટરના ડેટા સૂચવે છે કે મ્યુચ્યુઅલ ફંડ્સે એપ્રિલ-જૂન ક્વાર્ટરની તુલનામાં મોટા ભાગની ફાર્મા કંપનીઓમાં હિસ્સો વધાર્યો છે. મારા મતે ફાર્મા સેક્ટર માટે નિયમન સંબંધી સમસ્યાઓ અને સ્પર્ધા અંગેની ચિંતાઓ પૂરી થઈ હોવાનું મનાય છે. સ્થાનિક મ્યુ ફંડ્સ લાર્જ-કેપ ફાર્મા શેર્સ અંગે સાનુકૂળ વલણ ધરાવી રહ્યા છે ત્યારે ઓરોબિંદો ફાર્મા ઉપરાંત લ્યુપિન, સન ફાર્મા, ટોરેન્ટ ફાર્મા, સિપ્લા અને ગ્લેનમાર્ક ફાર્મા તેમજ કેડિલા હેલ્થકેર અને નેટકોમાં હિસ્સો વધાર્યો છે. આવક અને નફામાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળતાં હજુ એક-બે ક્વાર્ટરનો સમય લાગશે પણ નેગેટિવ પરિબળો ડિસ્કાઉન્ટ થઈ ચૂક્યાં હોવાનું જણાય છે જયારે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સની એક્ટિવિટી તાજેતરના ક્વાર્ટરમાં મિશ્ર રહી છે તેઓ દ્વારા લ્યુપિન, સન ફાર્મા, ઓરોબિંદો ફાર્મા, ટોરેન્ટ ફાર્મા, કેડિલા અને નેટકોમાં હિસ્સો ઘટાડ્યો છે પણ બાયોકોન, જ્યુબિલન્ટ લાઈફ, ડિવિઝ અને સ્જીદ્ધ ફાર્મામાં તેમના હિસ્સામાં વધારો નોંધાયો છે. ફાર્મા કંપનીઓ માટે માર્જિનનું દબાણ ચાલુ રહેશે પણ ઘટાડા તરફી જોખમ મર્યાદિત રહેશે. મારા મતે લાંબાગાળાના નફાલક્ષી ની રીતે ફાર્મા સેક્ટરની કંપનીઓ અત્યારે આકર્ષક જણાય છે.

મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૯૦૧.૩૨ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬ કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૪૬૪.૮૫ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૫,૯૯૫.૬૩ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૩,૯૬૯.૯૭ કરોડની વેચવાલી, ૨૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૪૬૭.૭૨ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૦૩.૯૪ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી , ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ૨૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૯૭.૭૪ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

બજારની ભાવિ દિશા.....

મિત્રો, મિત્રો, GST ને કારણે ઉત્પાદકોમાં સ્પર્ધા વધી રહી છે જેનાથી ભાવ ઘટાડવામાં મદદ મળશે અને નવા ટેક્સ કાયદાથી ગ્રાહકોને સૌથી વધુ ફાયદો થશેઅને આ કારણે નવું બિઝનેસ કલ્ચર વિકસી રહ્યું છે ઉપરાંત લાંબા ગાળે તેનો સૌથી વધુ ફાયદો ગરીબ અને મધ્યમ વર્ગના ગ્રાહકોને થશે. ગ્રાહકો તેમજ વપરાશકારોને ગેરમાર્ગે દોરતી જાહેરાતો સામે આકરાં પગલાં લેવાશે અને આ માટે માર્ગદર્શિકા ટૂંક સમયમાં અમલી બનશે. " ન્યૂ ઈન્ડિયા "ના નિર્માણ માટે ગ્રાહકોની સુરક્ષા અનિવાર્ય છે અને તે સરકારની પ્રાથમિકતા છે. રાજધાની નવી દિલ્હીમાં યોજાઈ રહેલી આ કોન્ફરન્સમાં ૨૪ દેશોના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. નવો કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ અમલી થવાથી ગ્રાહકોને વધુ સામર્થ્ય મળશે અને ગ્રાહક જાગરૂકતા વધારવામાં મદદ મળશે. ગ્રાહકોની ફરિયાદનો ઝડપથી અને સરળતાથી ઉકેલ આવી શકશે. નવો કાયદો જૂના કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ-૧૯૮૬નું સ્થાન લેશે. મિત્રો, ગ્રાહકોને માત્ર અધિકારો આપી દેવાથી તેમના હિતનું રક્ષણ થતું નથી. ભારતમાં એવી પદ્ધતિઓ અમલી બનાવવા પ્રયત્નશીલ છે કે ગ્રાહકોને પૈસાની બચત કરવામાં પણ મદદ મળશે. આવી સ્કીમ્સથી ભારતના મધ્યમવર્ગ અને ગરીબવર્ગને સૌથી વધુ લાભ થયો છે.વર્ષ ૨૦૧૫ સરકારે જૂનો કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ-૧૯૮૬ પડતો રદ કર્યો હતો અને નવા કાયદા પર કામ શરૂ કર્યું હતું. નવો કાયદો અંતિમ તબક્કામાં છે, જેનાથી સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી રચવામાં આવશે અને તે ફરિયાદોના ઝડપી નિરાકરણ માટે કામ કરશે.

સ્થાનિક બજારમાં નિફ્ટી ફ્યુચરના છેલ્લા દિવસે સ્થાનિક લિક્વિડિટી વિદેશી લિક્વિડિટી કરતાં વધુ થઈ છે કારણ કે ફ્યુચર સેગ્મેન્ટના કોન્ટ્રાક્ટમાં ઓલઓવર રોલઓવર અંદાજીત ૧૯ % રહ્યું હતું આની સામે અગાઉની ત્રણ સિરીઝમાં સરેરાશ ૨૨% રોલઓવર જોવા મળ્યું હતું. નિફ્ટી ફ્યુચર્સનું રોલઓવર ૧૭% રહ્યું હતું, જે છેલ્લા ત્રણ સિરીઝના સરેરાશ ૨૨% રોલઓવર કરતાં નીચું છે. આ ડેટા સંકેત આપે છે કે બજારના ખેલાડીઓ તેમની પોઝિશનનું રોલઓવર કરવામાં હાલમાં ખચકાટ અનુભવી રહ્યા છે કારણ કે બજાર વિક્રમ ઊંચા સ્તરની નજીક ટ્રેડ થાય છે અને કંપનીઓના હકારાત્મક રિઝલ્ટનો અભાવ છે. સપ્ટેમ્બર ક્વાર્ટર માટેનાં અત્યાર સુધીનાં નાણાકીય પરિણામ ધારણા મુજબ રહ્યાં છે પરંતુ આ માત્ર શરૂઆત છે. નોટબંધીની અસર દૂર થવાથી ડિસેમ્બર ક્વાર્ટરનાં રિઝલ્ટ વધુ સારાં રહેવાની ધારણા છે. કોમોડિટી ક્ષેત્રની કંપનીઓમાં મને મજબૂત વૃદ્ધિની ધારણા છે. ઓઈલ એન્ડ ગેસ, મેટલ એન્ડ માઈનિંગ જેવા ક્ષેત્રમાં સારાં નાણાકીય પરિણામોને કારણે તેમાં વધારો થવાની શક્યતા નકારી ના શકાય. અત્યાર સુધી બજારમાં લિક્વિડિટી ઊંચી રહી છે અને તેનાં વેલ્યુએશન વધ્યાં છે. નિફ્ટીમાં ટેકનીકલી લોંગ લેગ્ડ ડોજી કેન્ડલસ્ટિક પેટર્ન બની છે અને તે અંદાજીત ૧૦૧૧૦ પોઈન્ટ થી રીબાઉન્સ થયો છે અને આ તબક્કે નિફ્ટીમાં હવે ૧૦૧૦૧ પોઈન્ટ એ સ્ટ્રોંગ સપોર્ટ છે.

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ ....!!!!





નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત નિફ્ટી ફ્યુચર તા. ૨૩/૧૦/૨૦૧૭ ના રોજ ૧૦૧૭૫ પોઈન્ટ ખુલીને ૧૦૧૧૯ પોઈન્ટના નીચા મથાળેથી ૧૦૩૯૦ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૭૦ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૧૪ પોઈન્ટના ઉછાળે ૧૦૩૬૦ પોઈન્ટ બંધ થયેલ...!!!

બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૨૩/૧૦/૨૦૧૭ ના રોજ ૨૪૦૦૦ પોઈન્ટ ખુલીને ૨૩૯૦૨ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૧૩૮ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૨૩૬ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૦૧૭ પોઈન્ટના ઉછાળે ૨૪૯૯૦ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૩૬૧)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૦૪ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૭૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૩૦૩ પોઈન્ટથી ૧૦૨૬૪ પોઈન્ટ, ૧૦૧૭૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૪૭૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૪૯૯૦)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૨૪૫૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૫૦૭૭ પોઈન્ટથી ૨૫૧૭૩ પોઈન્ટ, ૨૫૩૦૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

ફ્યુચર રોકાણ સંદર્ભે સ્ક્રીપો ધ્યાને લઈએ તા

૧) સેન્ચુરી ટેક્ષટાઈલ (૧૩૫૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૩૨૩ ના પ્રથમ સપોર્ટ થી ખરીદવાલાયક રૂ.૧૩૭૭ થી રૂ.૧૩૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) એશિયન પેઈન્ટ્સ (૧૧૯૫) :- આ સ્ટોક રૂ.૧૧૮૧ નો પ્રથમ તેમજ રૂ.૧૧૭૧ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૨૧૨ થી રૂ.૧૨૨૦ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!

૩) સિપ્લા લિમિટેડ (૬૨૫) :- ૧૦૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૬૧૩ નો પ્રથમ તેમજ રૂ.૬૦૩ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૬૩૭ થી રૂ.૬૪૫ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

- ૪) મહેન્દ્રા – મહેન્દ્રા (૧૩૮૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૦૪ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૪૧૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૩૭૧ થી રૂ.૧૩૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૪૧૯ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

- ૫) લ્યુપિન લિમિટેડ (૧૦૦૪) :- રૂ.૧૦૧૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૩૪ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકાગાળે રૂ.૯૮૭ થી રૂ.૯૭૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૩૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!

હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક ૧૬.૧૦.૨૦૧૭ થી ૨૦.૧૦.૨૦૧૭ સુધી રોકાણ અર્થે સ્ટોક......

૧) હેડલબર્ગ સિમેન્ટ (૧૫૬) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૯ થી રૂ.૧૮૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) શ્રી ક્રિષ્ણા કન્સ્ટ્રક્શન (૧૨૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૭ થી રૂ.૧૫૧ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) ગુજરાત બોરોસિલ (૧૪૨) :- રૂ.૧૨૭ નો પ્રથમ તેમજ રૂ.૧૧૯ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૧૫૯ થી રૂ.૧૭૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (૧૪૦) :- ફાઈનાન્સ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૫૬ થી રૂ.૧૭૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૨૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) ઈનોક્ષ વીન્ડ (૧૨૬) :- રૂ.૧૧૬ નો પ્રથમ તેમજ રૂ.૧૦૯ ના સ્ટોગ સપોટથી ઈલેટ્રિકલ ઈક્વિપમેન્ટ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૧૪૧ થી રૂ.૧૫૫ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) ૬૩ મુન ટેક્નોલોજીસ (૧૪૪) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૩૨ આસપાસના સપોટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૧૫૭ થી રૂ.૧૭૧ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) બટરફલાય (૩૦૮) :- પ્લાસ્ટીક સેક્ટરનો ફન્ડામેન્ટલ આ સ્ટોક ટ્રેડીગ સંદર્ભે રૂ.૨૯૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક ....!! તેજી તરફી ઉછાળે રૂ.૩૨૩ થી રૂ.૩૩૦ ના ભાવ આસપાસ નફો બુક કરવો....!!

૮) સૂર્યા રોશની લિ (૩૭૬) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૩૬૦ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૩૯૦ થી રૂ.૪૦૪ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૯) યુનિકેમ લેબ (૩૦૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૯૩ આસપાસ રોકાણકારે રૂ.૩૨૩ થી રૂ.૩૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૨૮૭ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૧૦) નીટ ટેક્નોલૉજી (૬૪૦) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૬૧૧ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૬૬૭ થી રૂ.૬૮૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

૧) હિસાર મેટલ (૯૮) :- મેટલ સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૧૧૨ થી રૂ.૧૨૦ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૮૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) સિમ્પલેક્ષ (૫૪) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે કન્સ્ટ્રકશન સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૪૭ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૬૧ થી રૂ.૬૬ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) સ્કૂટર (૪૪) :- રૂ.૪૧ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક ત્રિમાસિક રોકાણ અર્થે ઝડપી ઉછાળાની શક્યતા ધરાવે છે.... રૂ.૩૭ નો સ્ટ્રોંગ સપોર્ટ અતિ જરૂરી.....!!

૪) ટાઈટન બાયોટેક (૬૪) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૦ નો પ્રથમ તેમજ રૂ.૫૬ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક સ્પે. કેમિકલ સેક્ટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૭૧ થી રૂ.૮૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૫) EON ઈલક્ટ્રીક લિ. (૧૨૧) :- રૂ.૧૧૬ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૧૩૬ થી રૂ.૧૪૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૪૬ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

0000000

(Note :- Befroe act please refer disclaimer on www.investmentpoint.in)

બોટમ લાઈન :- નિફ્ટી ફ્યુચર રેન્જ ૧૦૧૭૦ થી ૧૦૪૭૪ પોઈન્ટ ધ્યાને લેશો.....!!

રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

કેપ્સુલ

પતિ જમવા બેઠો હતો. જમતાં જમતાં પત્નીને બુમ પાડી, ડાર્લીંગ તેં આ શાક બનાવ્યું છે, તેને શું કહેવાય ?

પત્નીઃ એવું કેમ પુછો છો ?

પતિઃ મારે પણ સ્વર્ગમાં મર્યા પછી જવાબ તો આપવો પડશે ને શું ખાઈને મર્યો હતો ?

૦૦૦૦

દિકરો : મમ્મી અભિનંદન આઠ જન્મ માટે મને નોકરી મળી ગઈ.

મમ્મી : અરે વાહ ! કેવી રીતે ?

દીકરો : મમ્મી મને એકતાકપુરની ડેઈલી સીરીયલમાં કામ મળી ગયું છે.

૦૦૦૦

એક ખેલાડીએ જમતાં જમતાં પત્નીને કહ્યું, આજે પાછું તે રીંગણનું શાક બનાવ્યું ? તને ખબર છે વધારે પડતાં રીંગણ ખાવાથી માણસ બીજા જન્મમાં ગધેડો બને છે ?

તો આ વાત તો તમારે ગયા જન્મમાં ધ્યાન રાખવી જોઈએ ને ? પત્નીએ છગ્ગો માર્યો.

૦૦૦૦

એક કંજુસને લોટરી લાગી. પંડીતે કહ્યું, કંઈક ભગવાનને પણ અર્પણ કરો.

કંજુસે બધા પૈસા હવામાં ઉડાડયા અને કહ્યું, ભગવાન તારે જેટલા જોઈએ એટલા રાખી લે જમીન પર પડશે એટલા બધા મારા.

૦૦૦૦

ટીચર : પપલુ કંઈક બોધપાઠવાળો તારા જીવનનો કોઈ એક કિસ્સો સંભળાવ..

પપલુ : મેં એને ફોન કર્યો તો એ સુતી હતી.. પછી તેણે મને ફોન કર્યો.. તો હું પણ સુતો હતો. જેવું કરો તેવું ભરો..

૦૦૦૦

પરપીડની મજા કંઈક

કંઈક નરમ કંઈક ગરમ

રેણુ વિષ્ણુકુમાર બારોટ

લોકોને પરપીડનમાં મજા આવે છે.. આનંદ આવે છે સદાય ઈચ્છે છે કે એનું બુરૂં ખોટું થાય, બાકી બીજાના મોં ઉપર તો કહે છે કે હું તો પારકાના દુઃખે દુઃખી અને પારકાના સુખે સુખી પણ હકીકત અલગ જ છે. એમ તે વળી પારકાના દુઃખે શા માટે દુઃખી થવું ? પારકાના પેટમાં દુઃખતું હોય તો આપણે શા માટે અજમો ફાકવો ? અરે પારકાને પીડા થતી હોય તો આપણે શા માટે દવાખાને જઈ, કેશ કઢાવી ઈંજેકશન લેવું ? આવી મારી તમારી સૌની માન્યતા છે. જોકે સાધુ સંતો અને ધાર્મિક પુસ્તકોમાં કથાવાર્તામાં પડોશી પહેલો સગો કહેવાય છે. એ વાસ્તવમાં સાચું ખોટું મને જાણ નથી. આપણો પડોશી અને આપણામાંથી છુટો થયેલો દેશ પાકિસ્તાન આનું જીવંત ઉદાહરણ છે.. પાકિસ્તાને આપણે પડોશી કરતાં સગો નાનો ભાઈ વધારે માન્યો છે. પણ આ નાનો ભાઈ સદાય વંઠેલો રહ્યો છે. સદાય આપણા ઘરમાં સળગતા કાકડા કે ઘાતક વસ્તુઓ નાખી છે..

ધન્ય છે મારા ભારત દેશને જે આવા પડોશીઓનો અત્યાચાર-ગેરવર્તન સહન કરી રહ્યા છે. બાકી આજે મહાસત્તા, અમેરીકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રેમ્પને જુઓ. કોરીયાના રાષ્ટ્રપ્રમુખને ન જાણે કેવી કેવી ધમકીઓ આપે છે ? ગળું ખોંખારીને જ્યારે આપણે પણ પાકિસ્તાનને ધમકીઓ આપીએ છીએ પણ આપણી આ ધમકીઓની પાકિસ્તાનને જાણે કોઈ જ ગંભીરતા નથી જાણે ભારતની ધમકી એટલે ગળામાં ખીચાખીચ.

પણ વાત આપણી માનસિકતાની છે.. કેમ કરીને પડોશીનું ખરૂં ખોટું થાય.. એ પછી શારીરિક હોય કે માનસિક.. અરે આર્થિક નુકશાન થાય તો એથી રૂડું શું હોઈ શકે ? પડોશીના ઘરમાં ચોરી થાય કે એનું વાહન કોઈ ગઠીયો ઉપાડી જાય તો પોતાના ઘરમાં પત્નીને શીરો બનાવવાનો આદેશ આપવાવાળા પણ પડયા છે.. પડોશીના ઘરમાં ભેજવાળા વાતાવરણને કારણે ટીવીની ટયુબ ધડાકાની સાથે ફુટી ગઈ.. પાસ પડોશના ભેગા થયા.જાણ્યું.. અરેરે ખર્ચો આવ્યો.. કહીને ઘણાએ મગરના આંસુડા સાર્યા પણ મોટા ભાગના માણસોના મનમાં હતું હાહરા ટયુબ શું કામ કમ્પ્યુટર, લેપટોપ પણ ધડાકા સાથે ના ફાટયું... મોબાઈલની બેટરી પણ કાઢવી જોઈતી હતી.

આનું નામ આપણી પાડોશી પારકા પ્રત્યેની ઉંચી નીચી ભાવના આગળ કહ્યું.. એમ પડોશીનું તુટે ફુટે તો ખુબ આનંદ આવતો હોય છે.. કયાંક વળી શબ્દો પણ નીકળે છે.. કે હાહરો સીધો થયો.. ગુજરાતીમાં એક બાળવાર્તા છે કે એક માણસે માંગણી કરી કે મારી એક આંખ ફુટે તો મારા પાડોશીની બે અને મારો એક પગ ફૂટે તો બીજાના બે.. બોલો આવાય માણસો જગતમાં પડયા છે. જેઓ પોતાનું થોડુંક બગાડીને ય પાણીનું વધારે ખરાબ કરીને આનંદ વ્યકત કરે છે. મારો એક પગ ભાંગ્યો તો ભલે ભાંગ્યો પણ અ તારા બેય ભાંગ્યા એનાથી રૂડું શું હોઈ શકે ? હું તો ઘોડી લઈને ચાલીશ પણ તારે તો એકેય નહીં હોય તો કેમ કરીને ચાલીશ સાપની જેમ ઘસડાઈને..

ટુંકમાં આપણે મોંઢે ભલે સારૂં બોલતાં હોઈએ છીએ પણ વાસ્તવમાં પારકાનું ભલું સારૂં જોઈ શકતા નથી. ઈચ્છી શકતા નથી.. કાયમ એનું ખરાબ થવાની, બુરૂં થવાની કલ્પનામાં રાચતા હોઈએ છીએ..એમાંય ન કરે નારાયણ જો એનું બુરૂં થયું તો આહા..હા.. શું આનંદ મળે છે ? શું ખુશી જાગે છે ? જાણે નંદ ઘેર આનંદ ભયો..

અમારા એક જણાના પાડોશીમાંથી યુવાન છોકરી એના પ્રેમીને લઈને રફુચક્કર થઈ ગઈ હતી.. એકલી છોકરીઓ જ રફુચક્કર થઈ જાય છે એવું ન માનવું. કેટલાક સજ્જનો.. ગઠીયા, ગુણીજનો સાધુ મહાત્માઓ રાતોરાત રફુચક્કર થઈ જાય છે. આજકાલ તો એકના ડબલ નહીં ટ્રપલ, ચોપલ બનાવવાનો પ્રવાહ ચાલી રહ્યો છે ત્યારે ભલભલાને ભુખે રહીને ભેગી કરેલી મુડી.. દસના ચાલીસ અને સોના ચારસો થવાની લાલચમાં કોકને ત્યાં મુકવા નફો રળી લેવા જીવ જાણે હડીયે ચડયો છે.. પછી રકમ મુકતા એ રકમને લઈ જનારો.. સદાકાળ રફુચક્કર થઈને ઘણાનું ઉઠમણું.. બેસણું, દશો કે જયશ્રીકૃષ્ણ કરતો હોય છે.. એટલે તો કહ્યું છે કે છોકરીઓ એકદમ થોડી કંઈ રફુચક્કર થાય છે ? એક જણાની છોકરી રફુચક્કર થઈ, પાસ પડોશીના પુરૂષો, સ્ત્રીઓએ જાણ્યું તમે નહીં માનો

અનુસંધાન પાના નં.૬ ઉપર

શિશુઓની સલામતી-સંચાલકોનું લોલમ્લોલ !!

દેખ કબીરા

હંસામૃત વાલમીયા

આપણા શાળા સંચાલકોને મગરની સાથે સરખામણી કરીએ છીએ તો કાંઈ મોટું નથી. જગતના બનાવનાર પરમાત્માએ મગરની ચામડી અને શાળા સંચાલકોની ચામડી જેવી સંવેદનહીન બનાવી છે. એટલે એ સંચાલકોને તગડી, તોતીંગ, મોં માગી ફી વસુલવામાં જેટલોરસ છે એટલો રસ શિશુઓની સલામતી સંબંધે જરાય નથી. લગભગ આપણા આઈમીન ગુજરાતી સંચાલકોમાંથી સિત્તેર ટકા ખબર નથી કે રાઈટ ટુ એજ્યુકેશન ઈન્ફોર્મેશન એકટ શું છે ? દેખ કબીરા..

છેલ્લા પાંચેક વરસથી આપણા શિશુઓની સલામતી અધ્ધરતાલ લટકી રહી છે. અનેક પ્રકારનાં દુષ્કર્મો શિશુઓ ઉપર થાય છે પણ એ બિચારા શાળાના હાઉથી કોઈને વાત કરતાં પણ ખચકાટ અનુભવે છે. એક પછી એક નવા ટોપીક અખબારોની રાબેતા મુજબ થઈ જાય છે. આ પણ એક અહો તાજ્જુબ જેવી ઘટના છે. એક સમયે મેં આ કોલમમાં શિક્ષિકાનું ટયુશન કરતા પેલા વિદ્યાર્થી ઈલુ ઈલુ ઈલુની વાત દર્શાવી હતી. બે ત્રણ બહેનોએ મને ફોનથી મેસેજ આપ્યા.. કોલમનીસ્ટ સાહેબ પાંચ આંગળી સરખી હોતી નથી. છતાં મેં એ બહેનોને જવાબ આપ્યો.. બે શિક્ષિકા એટલે શિક્ષણની કારીણી સરસ્વતીનો અવતાર એ જ જ્યારે વાસનાનો કીડો બનીને વિદ્યાર્થીને ફસાવે એ કયાં સુધી ચાલી શકે.. દેખ કબીરા..

આરટીઓના નિયમની ઐસી તૈસી કરનાર સ્કુલવાનના માલિકો પણ શિશુઓને ત્રાસ અને વેદના આપે છે. એક વાનમાં મેં બાવીસથી બત્રીસ શિશુઓને જતા જોયા ત્યારે મેં મારૂં સાધન બાજુ ઉપર ઉભું રાખી પેલા ટ્રાફિક જમાદારને આ દ્રશ્ય બતાવ્યું. ત્યારે તેઓ મારી સામે મોં ફેરવીને બોલ્યા, ‘જુઓ સાહેબ એ બધા અમને પહેલીથી પાંચમી સુધીમાં નિયમિત હપ્તા આપે છે. અમારા મોટા ઓફિસરોનો આદેશ છે એક પણ સ્કુલવાન ટોકવી નહીં.. દેખ કબીરા..

શાળામાં શિક્ષણ લેવા આવતા શિશુઓની વર્ગમાં બેઠેલા એક બહેને વિદ્યાર્થીને છુટું ડસ્ટર માર્યુ અને એ બિચારો બેભાન થઈ ગયો.. તેને દવાખાને લઈ ગયા પછી એ શિક્ષિકાને સંચાલકે બે દિવસની રજા ઉપર ઉતારી દીધા..વિદ્યાર્થીના વાલીઓ શાળામાં ધસી આવ્યા ત્યારે સંચાલકે ગેઈટ બંધ કરાવી દીધો. વધારે હંગામો થયા પછી પેલા મગરની ચામડીવાળા ખંધા વધારે રીઢા ગુનેગાર જેવા સંચાલક ગેઈટ પાસે આવ્યા.. બોલ્યા.. ‘જુઓ ! ભાઈ એ બહેન બે દિવસ માટે રજા પર છે એ આવશે ત્યારે અમે કાર્યવાહી કરીશું..’ આવો ઉત્તર સાંભળી વાલીઓ ન છુટકે પોલીસ સ્ટેશન તરફ ગયા.. સંચાલકશ્રીને આ વાતની જાણ થઈ એટલે સીધા ગૃહરાજયમંત્રીને ફોન કરી કોઈ ફરીયાદ નોંધવી નહીં તેવો હુકમ કરવામાં આવ્યો. સંચાલક અને એ શિક્ષિકા વિરૂદ્ધ માત્ર જાણવા જોગ ફરિયાદ લીધી અને એ પણ કાગળ ઉપર ફરિયાદ જે ગમે ત્યારે રદ કરી શકાય.. દેખ કબીરા.. શિશુઓની સલામતી નામે લોલમલોલ માત્ર ગુજરાતમાં જ ચાલે છે..

એક મોટી ખાનગી સ્કૂલ મુંબઈમાં છે જ્યાં મેં શિશુઓને જતાં જોયાં છે. જે માત્ર નિયમ મુજબ છ કે આઠ શીશુઓ વાનમાં જાય છે. આવી વાત આપણા પેલા વાનના માલિકોને પણ ગમતી નથી. હપ્તા ઉપર ચાલતી વાન ગાડીઓ કયારે શિશુઓનો યમઘંટ વગાડી દેશે એ કહી શકાય નહીં. છતાં સંચાલકોની દયા ઉપર બધું જ ચાલે છે.. સંચાલકો.. પોલીસતંત્રની મીલી ભગતથી વાનમાં બિચારા શિશુઓની સલામતી સળવળતી હોય છે.

તગડી,તોતીંગ અને અસહ્ય ફી લેતી શાળાના અનેક સંચાલકોને માત્ર રૂપિયામાં રસ હોય છે. એટલો શિશુઓમાં કે શિક્ષણમાં હોતો નથી. શિક્ષણ એ ધર્મ નથી માત્ર ધંધો થઈ ગયો છે. આ ધંધામાં અનેક આઠ ધોરણ ભણેલા સંચાલકો પણ માલેતુજાર બની ગયા છે. આ ધંધો માત્ર મુડીવાદીઓ ઉપર નિર્ભર રહે છે. વાલીઓ અને શિશુઓના નામના પણ અનેક બે નંબરી રજીસ્ટ્રો નિભાવવામાં આવે છે. સરકારી ગ્રાન્ટનો શાળાહીતમાં ઉપયોગ ઓછો થાય છે. એથી વધારે સંચાલકોના ઘર ભરવામાં થતો હોય છે.

છેલ્લ એક કિસ્સો શિશુની સલામતીના નામે એક મોટી લપડાક આજના શિક્ષણના વ્યવસાયને હોય છે. જે જોવા જેવો છે. બાળક લેશન વગર શાળામાં જાય ત્યારે વર્ગશિક્ષક પુછે છે કેમ લેશન નથી લાવ્યો ? બિચારો બાળક શિક્ષિકાના વર્તનથી ડઘાઈ જાય છે. હાથ જોડીને કહે છે, ટીચર મારી મમ્મીએ લેશન કરાવ્યું નથી.. જા ચલ વર્ગની બહાર નીકળીને બધાં કપડાં કાઢીને ઉભો રહી જા.. આરટીઆઈનો જેને જરાય ખ્યાલ નથી એવી શિક્ષિકા જાણે શિશુની સલામતીની અપેક્ષા કેવી ?

બી.પાટણવાડીયા
મો.૯૬૦૧૮૯૭૦૪૧

મિઝોરમના મેસક કે.રેમન લલંહા-કાએ મિત્ર માટે જાન ન્યોછાવર કર્યો

એનું નામ છે જીવન

નટવર હેડાઉ

પ્રકૃતિએ ખુબ ઉદારતાથી પોતાનો વૈભવ પાથર્યો છે એવા દેશના ઉત્તર-પૂર્વમાં મિઝોરમ નામનું એક સુંદર રાજય આવેલું છે તેના થીંગસાઈ નગરથી ૧૪ કી.મી.દુર તાઆઉ નદી વહે છે. હરીયાળી વનસૃષ્ટીની ચાદરથી ઢંકાયેલા પહાડો ત્યાં ફરવા આવનારને એક નવી જ દુનિયામાં સહેલ કરવાનું નિમંત્રણ આપતી પ્રતિત થાય છે. ઉંચા ઉંચા વૃક્ષો જાણે કે તેના બંને હાથ ફેલાવી પોતાના તરફ બોલાવે છે.

૨૮ નવેમ્બર ૨૦૧૩ ના દિવસની બપોરના સમયની આ વાત છે. સુરજ પહાડોની વચ્ચેથી આકાશમાં ઉંચે આવી ગયો હતો. સુરજના તેજ કિરણોના પ્રકાશમાં વૃક્ષોના પાન ચમકતા હતા. વાતાવરણમાં ધુમ્મસ ઓછું થતાં રસ્તા પર અવરજવર શરૂ થઈ ગઈ હતી. તે વખતે સ્થાનિક બાળકોની એક ટોળી આમતેમ હરતી ફરતી નગરની બહાર તરફ ચાલી નીકળી હતી. તેમાંથી અમુકે એમ વિચાર્યું કે વાતાવરણ સરસ છે તો ચાલો કયાંક દુર સુધી ફરી આવીએ..

પણ કયાં જઈશું ? મેસકે પૂછયું.

‘તીઆઉ નદીએ બીજે કયાં ?’ તેના મિત્રે જવાબ આપ્યો.

‘પણ એ તો ઘણી દુર છે..’ પહોંચતાં પહોંચતાં સાંજ પડી જાય..બીજા મિત્રે કહ્યું.

‘અરે મિત્રો ચિંતા શું કરો છો ? જુઓ પાછળ પેલું ટ્રેકટર આવે છે તેની ટ્રોલીમાં બેસી જઈએ.’ મેસકે કહ્યું.

એ નદીએ જતું હશે ખરૂં ને ? મિત્રએ શંકા વ્યકત કરી.

‘લગભગ જતું હોવું જોઈએ.. મકાન બનાવવા માટે પથ્થરો લેવા આ બાજુ ટ્રેકટરોને અને ટ્રકોને જતાં મેં ઘણીવાર જોયા છે..’ મેસકે કહ્યું..

એ વાત ખરી હોં..તું પુછ જો... મિત્ર બોલ્યો..

આ વાતો થતી હતી તે દરમ્યાન ટ્રેકટર તેમની નજીક આવી ગયું. મેસકે હાથ લાંબો કરી રોકવા ઈશારો કર્યો. ટ્રેકટર ચાલકે ટ્રેકટર ઉભું રાખ્યું.

‘બોલો શું હતું ?’

‘અંકલ તમે તીઆઉનદીએ જાવ છો’ મેસકે પુછયું.

હાં તમારે આવવું છે.. તો બેસી જાવ પણ.. જુઓ મારે પાછા ફરતાં મોડું થવાનું ત્યાં સુધી તમારે રાહ જોવી પડશે..’

ભલે.. ભલે..વાંધો નહીં અમારે ત્યાં ફરવા રમવા અને ન્હાવા જ જવું છે.. કહેતાં બધાં છોકરાઓ ટ્રેકટરની ટ્રોલીમાં ચડી ગયા.

ખટર...ખટર. ખટર.. કરતું ટ્રેકટર ભાગવા લાગ્યું.. ટ્રેકટરની મુસાફરી કરવાની છોકરાઓને ખુબ મજા પડી..દુરથી નદી દેખાતાં છોકરાઓ રાજી રાજી થઈ ગયા અને નાચવા કુદવા લાગ્યા.

અંકલ અમને અહીં ઉતારી દો અમે અહીં રમીશું.. પાછાં ફરતાં અમને લેતા જજો.. મેસકે કહ્યું..

ભલે..ભલે પણ ધ્યાન રાખજો.. અહીં નદીમાં ઘણી ઘુમરીઓ આવેલ છે એટલે કિનારે બેસી નહાજો.. ટ્રેકટર ચાલકે કહ્યું..

હા તમે પથરા ભરીને આવશો ત્યાં સુધી અમે ન્હાઈને અહીં જ રમતા હોઈશુ.. મેસકે કહ્યું..

સારૂં ચાલોજલદી ઉતરો મારે મોડું થાય છે.. ટ્રેકટર ચાલકે કહ્યું.

છોકરાઓ નદી કીનારે ઉતરી નદી તરફ આગળ વધ્યા.. ખળખળ વહેતા નદીના પ્રવાહને જોઈ તેમના ચહેરા ખીલી ઉઠયા પણ મેસકે ટ્રેકટરચાલકને ચેતવણી બધાને યાદ અપાવી.. વળી તે બધા મિત્રોમાં કોઈને તરતાં આવડતું જ નહોતું. તેની કીનારે બેસી પાણીમાં છબછબીયાં કરવા અને એકબીજા પર પાણીની છોળો ઉડાડી મજાક મસ્તી કરવા લાગ્યા. એ દિવસ પછી આજે તેઓ નદીએ ન્હાવા આવ્યા હતા. બધા ખુબ ખુશ હતા.. અચાનક એક મિત્રએ કહ્યું,લબહુથડા કયાં છે ?

વાત ચાલતી હતી તેવામાં મેસકની નજર દુર નદીના પ્રવાહ તરફ ગઈ.

‘અરે જુઓ.. જુઓ.. લલહુથડા પાણીમાં કેટલો આગળ ગયો છે..

મને લાગે છે કે તે તણાઈ રહ્યો છે.. હવે શું થશે તેના મિત્રે ચિંતા વ્યકત કરી.

‘આપણને તો તરતાં પણ આવડતું નથી.’ બીજા મિત્રે કહ્યું.

પણ ત્યાં સુધીમાં મેસકે પળનોય વિલંબ કર્યા વિના નદીમાં કુદકો મારી દીધો અને લલહુથડા તરફ જવા લાગ્યો. પાણીની ઉંડાઈ અહીં પાંચફુટથી પણ વધુ હતી. મેસક પણ નદીના પ્રવાહમાં તણાવા લાગ્યો પણ તેને લલહુથડાને પકડીને બચાવવાની કોશીશ કરવા માંડી.. કિનારે ઉભેલા મિત્રો બુમાબુમ કરી બચાવવા માટે પ્રયત્નો કરવા લાગ્યા.

લબહુથડાને પકડીને કીનારા તરફ લાવવા જતાં મેસક નદીના પ્રવાહમાં આગળ ખેંચાયો.. બંને મિત્રો ઘુમરીમાં ફસાયા પાણી અહીં ગોળ ગોળ ફરતું નીચેની તરફ જતું હતું. હવે બંનેના માથાં અને હાથ જ ફકત દેખાતા હતા.

સુમસામ નદી કીનારે બીજા કોઈ માણસોની અવર જવર નહોતી તેથી તેમને બચાવવા કોઈ આવી શકે એમ નહોતું પણ ત્યાં દુરથી પથ્થર ભરેલું પેલું ટ્રેકટર પાછું આવતું દેખાયું.. મેસકના મિત્રો તેની સામે જોયું.

‘એ વાત ખરી હોં..’ તું પુછી જો.. મિત્ર બોલ્યો.. બધા મિત્રો ભાગ્યા.. ટ્રેકટર નજીક આવતાં ઉભું રહ્યું.

‘શું થયું તમારા બીજા મિત્રો કયાં છે ?’ ટ્રેકટરચાલકે પુછયું.

જોરજોરથી હાંફતાં છોકરાઓએ દુર નદી તરફ ઈશારો કરી બતાવ્યું અને કહ્યું કે બે જણાં પાણીમાં ડુબી રહ્યા છે..

ટ્રેકટરચાલકે ટ્રેકટર ઉભું રાખી પાણીમાં કુદકો માર્યો અને બંને છોકરાઓને બચાવવા તરતો તરતો આગળ વધ્યો પણ ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયું હતું. ટ્રેકટર ચાલકે બંને છોકરાંઓના મૃતદેહ બહાર કાઢયા અને તેના મિત્રોની મદદથી ટ્રેકટરમાં મુકી શહેરના દવાખાને લઈ આવ્યા પણ ડોકટરોએ તપાસીને બંનેને મૃત જાહેર કર્યા.થીંગસાઈ નગરમાં વાત ફેલાતાં લોકોના ટોળે ટોળાં દવાખાને આવવા લાગ્યા. બલહુથડા અને મેસકના માતા પિતા પણ આવ્યાં. તેઓ છાતી કુટી જોરજોરથી રડવા લાગ્યા. મેસકની માતા પોતાના દીકરાના મૃતદેહને વહાલથી પપ્પીઓ કરતી બોલતી હતી. દિકરા આ શું થઈ ગયું ત્યારે મેસકના મિત્રે કહ્યું આન્ટી મેસકે લલહુથડાને બચાવવા જતાં આવું બન્યું છે. તેણે ખુબ જ હિંમત અને બહાદુરીપુર્વક તરતાં ન આવડતું હોવા છતાં નદીમાં કુદી પડી.. મિત્રનો જીવ બચાવવાની કોશીશ કરી.

આ વાત સાંભળી નગરજનો સૌ મેસકની વીરતાના વખાણ કરવા લાગ્યા. નગરના સ્થાનિક અખબારમાં અહેવાલો પ્રગટ થતાં તેનું નામ રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે મોકલવામાં આવ્યું. ૨૪ મી જાન્યુ.૨૦૧૫ ના રોજ મેસકે કે ને મરણોપરાંત રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર એવોર્ડને સ્વીકારતાં તેના માતા પિતાની આંખોમાં આંસુ છલકાવા લાગ્યા. ત્યારે ત્યાં ઉપસ્થિત સૌની આંખો સજળ બની.વડાપ્રધાને મૈસકની વીરતાને વખાણી અને બહાદુર બાળકને શ્રદ્ધાંજલી આપી..

નટવર હેડાઉ

કેવા ગ્રહો પોતાના થકી સુખી બનાવે ?



દરેક વ્યકિતને સુખ સાહ્યબી જોઈએ છે. કોઈ પણ વ્યકિત કષ્ટ ભોગવવા તૈયાર નથી. લક્ષ્મી, ભાગ્ય, વ્યકિતના મનોબળ ઉપરથી જ થાય છે જેનો જેવો મનોબળ તેવું કાર્ય તે વ્યકિત કરીને પોતાને તેની અનુરૂપ બનાવી લે છે. કોઈ વ્યકિત પિતા ઉપર આધાર રાખે છે તો કોઈ ભાઈ ઉપર તો અમુક વ્યકિત એણે મિત્ર ઉપર અથાક વિશ્વાસ હોય છે. તો એક ટકા વ્યકિત એવી પણ જોવા મળતી હોય છે કે તે કોઈનું પણ ઋણ સ્વીકારવા તૈયાર નથી હોતી અને પોતાના આત્મ વિશ્વાસ ઉપર ચાલીને પોતાની પ્રગતી કરતો હોય છે.કેવા ગ્રહો વ્યકિતને પોતાનાથી જ પ્રગતીશીલ બનાવી અઢળક ધનસંપત્તિ અપાવે છે ?જે જાતકની જન્મકુંડળીમાં કુંભ રાશીમાં શુક્ર મેષ રાહીમાં પોતાના ઘરનો મંગળ અને કર્કમાં ઉંચનો ગુરૂ હોય તે વ્યકિત પોતાના બાહુબળ વડે સુખી સંપન્ન બને છે. આ વ્યકિત રાજનેતા પણ બનતા હોય છે.

દ્રષ્ટાંતકુંડળીઃ અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં પ્રથમ ભાવમાં મેષનો મંગળ, કર્કનો ગુરૂ અને કુંભનો શુક્ર છે જે ઉપરનો યોગ બનાવે છે. આવા વ્યકિત સુખી સંપન્ન થતા હોય છે.

જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા
(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)

પાકિસ્તાનમાં ઘુસીત્રાસવાદનો સફાયો કરવા અમેરીકી પ્રમુખ ટ્રમ્પની પાક.ને ચીમકી

દ્રષ્ટીકોણ

ચંદ્રશેખર ત્રિવેદી

જમ્મુ કાશ્મીરમાં વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાનના સૈનિકો અને ત્રાસવાદીઓની હરકતથી વિશ્વના મોટાભાગના રાષ્ટ્રો આગળ પાકિસ્તાનની કોઈ કિંમત રહી નથી. તેમજ ત્રાસવાદની બાબતે આખી દુનિયાને મુર્ખ બનાવનાર અને મગરના આંસુ લુછનાર પાકિસ્તાને અમેરીકાએ ઓપન ચેલેંજ આપી છે કે તમામ ત્રાસવાદી નેટવર્ક સામે કડક કાર્યવાહી કરી તેમનો સફાયો કરો. જો આમ નહીં થાય તો અમે પાકિસ્તાનમાં ઘુસીને એકલા હાથે ત્રાસવાદીઓને હણી નાખીશું.. આઈ. એસ. આઈ. દ્વારા ત્રાસવાદીઓને પણ દોષીત ગણેલ છે. [illegible] વિરૂદ્ધ પણ કાર્યવાહી કરવાની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.

જો અમેરીકા પાકિસ્તાનને ત્રાસવાદ બાબતે કડક થવા કહેતું હોય તો પાકિસ્તાને સુધરી જવું જોઈએ તેમજ બીજી વાત એ છે કે અમેરીકાએ પાકિસ્તાને સહાય આપવાનું બંધ કરવું જોઈએ. વારંવાર કરોડો રૂપિયાની લહાણી પાકિસ્તાનને શા માટે કરવી જોઈએ ? કેમ કે પાક.માં રહેલા ત્રાસવાદીઓ ગમે ત્યારે અમેરીકા પર ત્રાટકી શકે છે. જે સંગઠનો હાલમાં સક્રીય છે અનેવારંવાર ભારતમાં ઘુસણખોરી કરીને હુમલા કરે છે તે બાબત ગંભીર કહી શકાય. જેથી પાકિસ્તાને ત્રાસવાદી સંગઠનો વિરૂદ્ધ પગલાં ભરવાં પડશે નહીં તો જે તે પરિણામ જોવાની પાકિસ્તાને તૈયારી રાખવી પડશે.

આતંકવાદને નાણાંકીય સહાયનો વિરોધ કરવા રચાયેલી સંસ્થાના કાર્યકારી સચિવ ઝુબીને કહ્યું હતું કે પાકિસ્તાન સરકારમાં સક્રીય કેટલાક તત્વો અને આઈએસઆઈ જેવી ગુપ્તચર એજન્સીઓ પાક.માં સક્રીય તમામ આતંકી સંગઠનો વિરૂદ્ધ કોઈકાર્યવાહી કરવા માંગતી નથી. ઉલટાનું તેના દ્વારા આતંકીઓ આશ્રય અને સહાય પુરી પાડવામાં

અનુસંધાન પાના નં.૬ ઉપર

પાકિસ્તાન આઈએસઆઈ સામે પગલાં ભરવામાં કેમ ડર અનુભવે છે ?

ચોકલેટી છે ! ચોકલેટની દુનિયા

અજબ ગજબની દુનિયા

કમલેશ કંસારા

સૌ કોઈ દિવાના છે ચોકલેટના. પાંચ વરસનો બાળક હોય કે પછી પંદર વર્ષનો યુવાન કે પછી પચ્ચીસ-પાંત્રીસ વર્ષનો જુવાન અથવા તો ૬૦-૬૫ વર્ષનો બુઝર્ગ સૌને એક જ ચીજ સારી લાગે છે અને તે છે ચોકલેટ..

ચોકલેટ કોકોઆના બીજમાંથી બને છે એના એક બીન્સ (ફળ)માં ૨૫ થી ૩૦ જેટલા બીજ હોય છે. આ બીજ અને ફળના સફેદ માવા જેવા ભાગને એક લાકડાના કન્ટેનરમાં પાંચ સાત દિવસ સુધી બંધ કરી દેવામાં આવે છે. પછી બીજોને સુકવીને તેને શેકવામાં આવે છે. જેનાથી એના પર રહેલ છાલ અલગ થઈ જાય છે. આ બીજોની પેસ્ટ બનાવવામાં આવે છે. પેસ્ટમાં રહેલ કોકોઆ માખણને હાઈડ્રોલીક પ્રેશર દ્વારા છુટું પાડવામાં આવે છે. બચેલ પેસ્ટમાં ખાંડ, દુધનો પાવડર અને ફલેવર સુગંધ ભેળવીને ચોકલેટ બનાવવામાં આવે છે.

આખી દુનિયામાં દરેક દેશમાં ચોકલેટ ખાનાર શોખીનો હોય છે. પરંતુ યુરોપના લોકો ચોકલેટના વધુ દિવાના છે. ઈન્ટરનેશનલ કોકો ઓર્ગેનાઈઝેશન દ્વારા સંશોધન કરવામાં આવ્યું તો વિશ્વની અડધા ભાગની ચોકલેટો માત્ર યુરોપીયન પ્રજા જ ખાઈ જાય છે. જેની સરખામણીમાં એક બ્રિટીશ સ્વીસ અથવા જર્મન નાગરીક દ્વારા વર્ષભરમાં લગભગ ૧૧ કીલો જેટલી ચોકલેટ ખાય છે.

બ્રિટનની ચોકલેટ કંપની થોર્નટોન્સે પોતાની સ્થાપનાના સો વર્ષપુરા થવા પર ૨૦૧૧ માં કેટલીક ખાસ પ્રકારની ચોકલેટ દુનિયા માટે બનાવી હતી. આ ચોકલેટનું વજન ૫૭૯૨.૫૦ કી.ગ્રા.હતું.

સન ૧૯૭૧ માં એક ફિલ્મ ‘વીલી વોનકા એન્ડ ચોકલેટ ફેકટ્રી’ ની શુટીંગને માટે ચોકલેટની નદી બનાવવામાં આવી હતી.

સન ૨૦૧૩ માં એલીના કલીનમેંટમાં એક એવું અનોખું મકાન બનાવ્યું હતું. જેમાં દરેક ચીજ ચોકલેટમાંથી બનાવવામાં આવી હતી. છસ્સો કિલો ચોકલેટની મદદથી બનેલ આ ૨૦ વર્ગ મીટરના રૂમમાં ટેબલ, ખુરશી, ડ્રોઅર, ફાયરપ્લેસ, ફલાવરપોર્ટ વગેરે બધું જ ચોકલેટમાંથી બનાવેલ એને બનાવવામાં અઢી વર્ષનો સમય લાગ્યો હતો. ત્યારબાદ બેલારૂમમાં આ માલસામાન (ચોકલેટનો)ને ગ્રાહકોને ચખાડવામાં આવ્યો હતો.

ચોકલેટની શરૂઆત અમેરીકાથી માનવામાં આવે છે. ઈસુના ૧૯૦૦ વર્ષ પહેલાં અહીંયાના

અનુસંધાન પાના નં.૬ ઉપર

છાપી હાઈવે...

પાના નં.૧ ચાલુ

ઉદેપુર - મહેસાણાની બસ ટ્રેઈલરની પાછળ ઘુસી જતાં બસમાં બેઠેલ પેસેન્જરોને નાની મોટી ઈજાઓ થઈ હતી જેમાં ગણેશમલ શાહુ રહે. રાજસ્થાનવાળાના માથાના ભાગે ગંભીર ઈજા થતાં ૧૦૮ દ્વારા સારવાર અર્થે સિધ્ધપુર સીવીલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે એરંડા ભરેલ ટ્રકના ચાલક ટ્રક લઈ ફરાર થઈ ગયો હતો. આ બાબતે બસ ચાલક બહાદુરસિંગ દ્વારા છાપી પોલીસ મથકે ફરીયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અભૂતપૂર્વ આનંદ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

સૌને આવકારવામાં આવ્યા હતા.જાણીતા સમાજસેવક મહેશભાઈ ભણસાલી, ડો.સી.કે.પટેલ, જાણીતા કથાકાર યશંવતશાસ્ત્રીજી વગેરેએ પણ ખાસ પધારી દર્શન - પૂજન કર્યા હતા. ડીસા નગરમાં વસવાટ કરતાં અંદાજે ૧૫૦૦ (પંદરસો) જેટલાં રઘુવંશી લોહાણા સમાજના પરિવારોએ પૂજન, દર્શન, ભોજનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. પાલનપુર, ચંડીસર, દાંતીવાડા, ધાનેરા, થરા, ભીલડી, શિહોરી, આસેડા સહિત આજુબાજુના ગામોમાંથી પણ ધર્મપ્રેમી ભાઈ - બહેનો ખાસ પધાર્યા હતા.

ડીસા જલારામ મંદિરના ટ્રસ્ટીઓ સર્વ કનુભાઈ આચાર્ય, શશીકાતભાઈ ડી.ઠક્કર, ભગવાનભાઈ બંધુ, ડો.કિશોરભાઈ આસનાની, નરેશભાઈ આચાર્ય, જગદીશભાઈ પૂજારા, પિયુષભાઈ આચાર્ય, જસુભાઈ તન્ના તેમજ નિષ્ઠાવાન કાર્યકરો સુરેશભાઈ દેવવાળા, આર.ડી.ઠક્કર, પ્રકાશભાઈ આર.ઠક્કર, મહેશભાઈ જીવરાજભાઈ પોપટ, પુનીતભાઈ તન્ના, તુષારભાઈ હાલાણી, શાંતિભાઈ વકીલ, આત્મારામભાઈ ઓઢાવાળા, કનુભાઈ તૃપ્તિવાળા, દેવચંદભાઈ એન.ઠક્કર, કેશવલાલ ચાવડા, ભાઈલાલભાઈ ઠક્કર, જલારામભાઈ દેવવાળા, આનંદભાઈ ઠક્કર સહિત અનેક કાર્યકરોએ સમગ્ર ઉત્સવને સફળ બનાવવા નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા હતા.

શ્રી રઘુવંશી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શારદાબેન આચાર્યની આગેવાની હેઠળ મહિલા મંડળની તમામ બહેનોએ પણ કામગીરીમાં પૂર્ણ સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે રખાયેલ રકતદાન કેમ્પમાં પણ ૨૫ (પચીસ) દાતાઓએ રકતદાન કરી ધન્યતા અનુભવી હતી. સેદ્રાણા મંગલજીવન ટ્રસ્ટ સંચાલિત વૃધ્ધાશ્રમ અને અનાથઆશ્રમ માટે પણ ૩૫ જેટલા દાતાઓએ સહયોગ આપ્યો હતો. જલારામ મંદિર ખાતે બનાવેલ શેડના પૂન્યશાળી અને ભાગ્યશાળી દાતા સ્વ.શાંતાબેન દિપચંદભાઈ વાલજીભાઈ મજેઠિયા પરિવારના નસીબદાર શ્રેષ્ઠી તારાચંદભાઈ અને શ્રીમતી રમીલાબેનનું પણ ભવ્યતિભવ્ય સન્માન કરાયું હતું. બહુચર ડ્રેસવાળા શૈલેષભાઈ વાડીભાઈ ઠક્કરનો શોભાયાત્રામાં સુંદર સહકાર મળ્યો હતો. બેન્ડવાજાં, નાસીક ઢોલ, પાલખી, શરણાઈ, વેશભૂષા સાથે નીકળેલી શોભાયાત્રા જોવા ડીસા નગરમાં માનવ મહેરામણ ઉમટયું હતું. પ્રિન્ટ મીડીયા અને ઈલેકટ્રોનિક મિડીયાના પત્રકારો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આંતરિક લોકશાહી...

અનુસંધાન ૨ નુ ચાલુ..

ભાજપે વારંવાર પરિવારવાદને લઈને કોંગ્રેસ પાર્ટી ઉપર આક્ષેપ કર્યો છે. આને લઈને લડત પણ ચાલી છે. મોદીએ કબૂલાત કરી હતી કે, ભાજપની અંદર અનેક અવાજો છે. નાના લોકોનો અવાજ પણ સાંભળવામાં આવે છે. જનસંઘના સમય દરમિયાન અને કોઈ સમયે ભાજપની સ્થિતિ નબળી પણ હતી પરંતુ વૈચારિક બાબતોને જાળવી રાખવામાં આવી હતી. મોદીએ સ્વચ્છ ભારત અભિયાનનો સમર્થન બદલ મિડિયાની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, આ મુદ્દા ઉપર એક અવાજથી કામ થવું જોઈએ. દેશભરમાં આ મુદ્દા ઉપર વધુ ઝડપથી કામગીરીની જરૂર છે. મિશન મોડમાં મિડિયાની ભૂમિકા રહી છે.

ભારત સાથે...

અનુસંધાન ૨ નુ ચાલુ..

અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ભારતની મુલાકાત તેઓએ પૂર્ણ કરી છે. ભારતની યાત્રા દરમિયાન ટિલરસને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી, અન્ય પ્રધાનો સાથે વાતચીત કરી હતી. ટિલરસને વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ સાથે પણ વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરી હતી. એકબીજાના મુદ્દા ઉપર વિચારણા થઈ હતી. અમેરિકા ભારત સાથેના સંરક્ષણ સંબંધોને વધુને વધુ મજબૂત કરવા ઈચ્છુક છે. વડાપ્રધાન તરીકે મોદી સત્તારુઢ થયા બાદ ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં આત્મવિશ્વાસ દેખાઈ રહ્યો છે. ઓબામાના ગાળા વેલા સંબંધોની શરૂઆત થઈ હતી.

ગુંદરી ધાનું...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ વિસ્તારના ખેડૂતો માટે ખેત પેદાસ વેચવાની એક નવી તક ઉભી થઈ છે. પહેલા ખેડૂતોને પોતાની ખેત પેદાસ વેચવા બે બે દિવસ એ.પી.એમ.સી.માં પડ્યા રહેવું પડતું હતું. આ ખાનગી ધાનું કૃષિ બજાર ખેડૂતો માટે આશીર્વાદ રૂપ સાબિત થશે અને ધમધોકાર ચાલશે એવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી,ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંકના ચેરમેન અજયભાઈ પટેલ, બનાસ બેંકના ચેરમેન એમ.એલ. ચૌધરી, ધાનેરા વિધાન સભાના ઉમેદવાર નથાભાઈ પટેલ, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ વસંતભાઈ પુરોહિત, કૃષિ બજારના અગ્રણી રેશભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, આદર્શ ગામ પાંથાવાડાના પૂર્વ સરપંચ અને અગ્રણી રમેશભાઈ ઘાડિયા સહિત મોટી સંખ્યામાં વેપારીઓ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

જાહેરસભા અને રોડ-શો યોજવા માટેની તૈયારી

રાહુલ દક્ષિણ ગુજરાતમાં ચૂંટણી યાત્રા કરવા તૈયાર

રાહુલ ગાંધી પહેલીથી ત્રીજી દરમિયાન ઝંઝાવતી પ્રચાર કરશે : મનમોહનસિંહ ૭મી નવેમ્બરે ગુજરાતની મુલાકાતે

અમદાવાદ

સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ગુજરાતના ચૂંટણી પ્રવાસ બાદ હવે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ માટે રાહુલ ગાંધી તા.૧લી નવેમ્બરે ફરી ગુજરાતની મુલાકાતે આવવાના છે. રાહુલ ગાંધી તા.૧થી ૩ નવેમ્બર દરમ્યાન દક્ષિણ ગુજરાતના તેમના ત્રીજા તબક્કાના ચૂંટણી પ્રવાસમાં ૪૫૦ કિલોમીટરથી વધુનો પ્રવાસ ખેડે તેવી શકયતા છે. દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓ અને મહાનગરોની તેઓ મુલાકાત લેશે. સુરતના પાટીદારોના ગઢ ગણાતા એવા પૂર્વ વિસ્તારમાં રાહુલ ગાંધી વિશાળ જાહેરસભા સંબોધશે. આ સિવાય રોડ-શો, લોકસંવાદ અને રૂબરૂ માલાકાત દ્વારા તેઓ પ્રજાની વચ્ચે રહી કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરશે. રાહુલ ગાંધીનો ગુજરાત પ્રવાસ પૂરો થશે ત્યારબાદ તા.૭મી નવેમ્બરે કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા અને દેશના પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંહ ગુજરાતની મુલાકાતે આવે તેવી શકયતા છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીએ આ વખતે પોતાના ચૂંટણી પ્રવાસ દરમ્યાન હિન્દુત્વનું કાર્ડ ખેલી દેવદર્શન અને મંદિરોમાં ભજન, ગાયોને ચારો ખવડાવી જનસમુદાયનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તો, ભાજપે પણ રાહુલ ગાંધીના હિન્દુત્વના મુદ્દા પર ટીકાત્મક નિવેદનો કર્યા છે. જો કે, રાહુલ ગાંધી દક્ષિણ અને ઉત્તર ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન પણ મહત્તમ દેવ દર્શન અને ગરીબ અને પછાત મહિલાઓ અને યુવાનો સાથે લોકસંવાદ યોજી જાહેરસભાઓ, રોડ-શો અને પ્રશ્નોત્તરી કાર્યક્રમો યોજી પોતાનું ચૂંટણી પ્રચાર અભિયાન ચાલુ રાખવા મક્કમ છે. રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ઝોનના ચૂંટણી પ્રવાસની જબરદસ્ત સફળતા અને સાંપડેલા અભૂતપૂર્વ લોકસમર્થન બાદ ગુજરાત કોંગ્રેસમાં જોરદાર ઉત્સાહ અને ઉર્જાનો સંચાર થયો છે અને તેથી હવે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન રાહુલ ગાંધીના ખાસ રોડ-શો, જાહેરસભા અને લોકસંવાદ કાર્યક્રમોનું કોંગ્રેસ દ્વારા આયોજન કરાયું છે. આ માટે આવતીકાલે દક્ષિણ ગુજરાતના કોંગ્રેસના નેતાઓ અને આગેવાનોની એક મહત્વની બેઠક પણ કોંગ્રેસે બોલાવી છે, જેમાં રાહુલ ગાંધીના પ્રચાર પ્રવાસને લઈ ખાસ માર્ગદર્શિકા અને રણનીતિ તૈયાર કરવામા આવશે. રાહુલ ગાંધી તેમના દક્ષિણ ગુજરાતના પ્રવાસ દરમ્યાન ડાંગના સુપ્રસિધ્ધ શબરીધામ મંદિર, ઉનાઈમાં ઉનાઈ માતાના મંદિર સહિતના ધાર્મિકસ્થાનોના દર્શન કરે તેવી પણ શકયતાઓ છે. રાહુલ ગાંધી આ વખતે પણ કેન્દ્રની મોદી સરકાર અને ગુજરાતની ભાજપ સરકાર પર નોટબંધી, જીએસટી ઉપરાંત, બેરોજગારી, ખેડૂતો, મહિલાઓ સહિતના મુદ્દે આકરા પ્રહારો કરે તેવી શકયતા છે. દક્ષિણ ગુજરાતના પ્રવાસ બાદ છેલ્લે રાહુલ ગાંધી ૪થા તબક્કામાં ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ફરી ચૂંટણી પ્રચાર કરશે.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)
ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૫૦૦
રૂપુ કાચું ૩૯૫૦૦-૪૦૦૦૦
સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૨૫૦
તેલ બજાર
રાધે પામોલીન ૧૦૦૦
પામોલીન ૯૯૦
સોયા રીફાઈન ૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૦૦
૫ લીટર ૩૮૩
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૨૯૦૦
૫ કે. કોપરેલ૯૬૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૦
૧૫ લીટર સનફલાય ૧૧૭૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
ચોખા-દાળ બજાર
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૬૫૦૦
ગેટ વ. રોયલ ૫૫૦૦
ગેટવે રેગ્યુલર૫૦૦૦
ગેટવે રીઝાના૪૫૦૦
ગેટવે એવરેડી૪૦૦૦
ગેટવે ડેઈલી ૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦

દુન તીબાર ૫ કી.૮૨૦૦
દુન તીબાર ૧ કી.૮૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૮૦૦
મગદાળ નર્મદા સુપર ૫૭૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૭૦૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૧૧૦૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૭૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૩૦૦
દાવત ૬૦ મીની જુના ૩૫૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦

અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
ખાંડ બજાર
(બોરીના ભાવ)
ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦
ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
ચા-બજાર
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
આખા મરચાં-હળદર
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
ગોળ બજાર
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦

ખોળ બજાર
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
પરચુરણ
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૭૦૦-૮૦૦
રીંગણ ૭૦૦-૮૦૦
ટામેટા ૪૬૦-૫૪૦
ભીંડા ૪૦૦-૫૦૦
કોબી ૫૦૦-૬૦૦
વટાણા ૧૧૦૦-૧૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૭૦૦-૮૦૦
તુરીયા ૨૦૦-૩૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

ભારતની ક્રુડને લઈને ચિંતા વધી : ભાવમાં સતત વધારો

નવી દિલ્હી

ક્રુડ ઓઈલની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે જેના કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારની તકલીફ પણ વધી રહી છે. નવેમ્બર અને ડિસેમ્બરમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી યોજનાર છે ત્યારે ક્રુડ ઓઈલની કિંમત વધુ સમસ્તા સર્જી શકે છે. હિમાચલમાં સત્તા હાંસલ કરવા અને ગુજરાતમાં સત્તા જાળવી રાખવા માટેના પ્રયાસમાં ગુજરાત સરકાર લાગેલી છે. આવી સ્થિતીમાં તકલીફ વધી શકે છે. ગ્લોબલ માર્કેટ અથવા તો વૈશ્વિક માર્કેટમાં ક્રુડ ઓઈલની કિંમત ૬૦ ડોલર પ્રતિ રલ સુધી હોઈ શકે છે. ક્રુડ ઓઈળ ટ્રેડ માટે ગ્લોલ બેંચમાર્ક કહેવાતા નોર્થ સી બ્રેટમાં શુક્રવારના દિવસે ક્રુડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ ૫૯.૩૦ ડોલર રહી હતી. આ પહેલા ગુરૂવારના દિવસે તેની કિંમત ૫૯.૫૫ ડોલર પ્રતિ રલ રહી હતી. જુલાઈ ૨૦૧૫ બાદથી ક્રુડ ઓઈલની કિંમતમાં આ સૌથી ઉંચી સપાટી છે. ભારત પોતાની ક્રુડની જરૂરીયાત પૈકી ૮૨ ટકા જરૂરીયાત આયાત મારફતે પૂર્ણ કરે છે. ભારત પોતાના આયાતની ૨૮ ટકા ખરીદી બ્રેટ બેચમાર્ક ક્રુડથી કરે છે. જ્યારે ૮૨ ટકા ક્રુડની ખરીદી દુબઈ અને ઓમાન બેન્ચમાર્ક મારફતે કરે છે. ભારતની ક્રુડ ઓઈલને લઈને તકલીફ સતત વધી રહી છે.

ગ્રાહકો માટે ચિંતાજનક બાબત છે. કારણ કે આંતરરાષ્ટ્રીય સ્તર પર કિંમતોમાં કોઈ પણ વધારાની સીધી અસર ભારત પર થશે. આ વ્યવસ્થા પહેલા દર ૧૫ દિવસામાં કિંમતમાં ફેરફાર કરવામાં આવતા હતા પરંતુ હવે અથવા તો ઓગષ્ટ બાદથી ભારતમાં ગ્રાહકો પર પેટ્રોલ અને ડિઝલની ખરીદી પર બોઝ વધી રહ્યો છે. જો કે લોકોની નારાજગીને દુર કરવા માટે સરકારે ત્રીજી ઓક્ટોબરના દિવસે પેટ્રોલ પર બે રૂપિયા અને ડિઝલ પર ૫.૭ એક્સાઈઝ ડ્યુટી ઘટાડી દીધી હતી. જેના કારણે સીધો ફાયદો થયો હતો.

શ્રીદેવીની સરખામણી કોઈ જ કરી શકે તેમ નથી : વિદ્યા

બોલિવુડમાં લોકપ્રિય અને સુપરસ્ટાર અભિનેત્રી તરીકે રહેલી વિદ્યા બાલન હવે પોતાની નવી ફિલ્મ તુમ્હારી સુલુને લઈને આશાવાદી છે. આ ફિલ્મના ટ્રેલરને લોંચ કરવામાં આવ્યા બાદ તેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મમાં તે શ્રીદેવીના મિસ્ટર ઈન્ડિયાના ગીત હવા હવા આઈના ગીતના નવા વર્જન પર ઝુમતી નજરે પડનાર છે. તેનુ કહેવુ છે કે શ્રીદેવી બોલિવુડની બેસ્ટ અભિનેત્રી છે. તેની કોઈ સરખામણી કરી શકે તેમ નથી. વિદ્યા બાલન બોલીવુડની શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે ગણવામાં આવે છે. વિદ્યા બાલન અગાઉ બેગમજાન ફિલ્મમાં નજરે પડી હતી. ફિલ્મ શ્રીજીતની રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ફિલ્મ રાજકહાણીની હિન્દી રીમેક હતી. બંગાળના ભાગલા ઉપર આધારિત આ ફિલ્મે ભારે ચર્ચા જગાવી હતી. ભારત અને પૂર્વીય પાકિસ્તાન વચ્ચે એલઓસી મારફતે બંગાળના ભાગલા બાદ જે સ્થિતિ સર્જાઈ હતી તેના ઉપર આધારિત આ ફિલ્મ હતી. ફિલ્મમાં વિદ્યા બાલન ખુબ યાદગાર ભૂમિકા અદા કરી ગઈ હતી. વિદ્યા બાલન બોલીવુડની શ્રેષ્ઠ અભિનેત્રી હોવાની સાથે સાથે મહિલાલક્ષી ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા કરવા માટે જાણિતી રહી છે. વિદ્યા બાલને અગાઉ કહાની ફિલ્મમાં જોરદાર ભૂમિકા અદા કરી હતી.

આ ઉપરાંત ડર્ટી પિક્ચર મારફતે તેની લોકપ્રિયતા અભૂતપૂર્વ થઈ હતી. વિદ્યા બાલને અન્ય અનેક યાદગાર ફિલ્મો કરી હતી જેમાં અમિતાભ બચ્ચનની માતા તરીકે પા ફિલ્મમાં ભૂમિકા ભજવી હતી. વિદ્યા બાલન પોતાની ફિલ્મમાં કઈ નવુ હમેંશા કરે છે. જેથી તેને પરફેક્ટનિસ્ટ તરીકે ગણવામાં આવે છે.

હવે કેપ્ટન નવાબમાં ઈમરાન હાશ્મી આર્મી ઓફિસર રહેશે

બોલિવુડમાં છેલ્લા કેટલાક સમયથી હોવા છતાં બોલિવુડમાં સફળતા નહી મેળવનાર ઈમરાન હાશ્મી હવે ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં પ્રવેશી રહ્યો છે. ઈમરાન હાશ્મીના ડેબ્યુ પ્રોડક્શન હેઠળ હવે ફિલ્મ બની રહી છે. કેપ્ટન નવાબ નામની ફિલ્મમાં ઈમરાન હાશ્મી જ ટાઈટલ ભૂમિકા અદા કરી રહ્યો છે. ફિલ્મ ભરપુર એક્શન ફિલ્મ તરીકે રહી શકે છે. ઈમરાન હાશ્મી પ્રથમ વખત આર્મી ઓફિસરના રોલમાં નજરે પડનાર છે. ફિલ્મમાં ક્રિએટિવ સલાહકાર તરીકેની ભૂમિકામાં કમાલ ખાન છે. કમાલ ખાન પોતે અભિનેતા, નિર્માતા તરીકે રહ્યો છે. તેની પણ હમેંશા ટિકા થતી રહે છે. અગાઉ એવા હેવાલ આવ્યા હતા કે કમાલ ખાન સહ નિર્માતા તરીકે છે. જો કે કમાલે કહ્યુ છે કે તે માત્ર સલાહકાર તરીકે છે. નાણાંકીય રીતે કોઈ મદદ કરી રહ્યો નથી. તેનુ કહેવુ છેકે તે પટકથામાં થોડાક મદદ કરી રહ્યો છે. તેનુ કહેવુ છે કે નિર્દેશક ટોની ડી સોઝા તેમના નજીકના મિત્રો પૈકી એક છે. જેથી જ્યારે પણ તેઓ તેની સલાહ માંગે છે ત્યારે તે આપી દે છે. ફિલ્મ નિર્માણની જવાબદારી ઝીની રહેલી છે. કેપ્ટન નવાબ એક એક્શન ફિલ્મ રહેશે. ઈમરાન હાશ્મી છેલ્લે અજય દેવગન સાથેની ફિલ્મ બાદશાહોમાં નજરે પડ્યો હતો. જેમાં તે ઈશા ગુપ્તા સાથે નજરે પડ્યો હતો. ફિલ્મના પ્રથમ પોસ્ટરમાં તેની અડધી ડ્રેસ ભારતીય સેનાની અને અડધી પાકિસ્તાનની સેનાની છે.

ગયા વર્ષ ૨૦૧૬માં અઝહર ફિલ્મના નિર્માણ વેળા ટોની અને ઈમરાનની જોડી સાથ નજરે પડી હતી. ઈમરાન હાશ્મીને બોલિવુડમાં સિરિયલ કિસર તરીકે ગણવામાં આવે છે પરંતુ તે હવે પોતાની છાપને ઝડપથી બદલી નાંખવા માટે ઈચ્છુક છે. તે બાદશાહો નામની ફિલ્મમાં પણ એક્શન રોલમાં નજરે પડ્યો હતો. કેરિયરમાં શરૂઆતમાં સફળતા મળ્યા બાદ અપેક્ષા મુજબની સફળતા ન મળતા તે હવે નિર્માણ ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે. તે આશાવાદી પણ બનેલો દેખાઈ રહ્યો છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :.........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચય: ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

દ્રષ્ટીકોણ..

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

આવી રહી છે. જોજરૂર પડશે તો અમે એકલા હાથે પાકિસ્તાનમાં ઘુસી જઈને પાકિસ્તાનના ત્રાસવાદી નેટવર્કનો સફાયો કરવા ખચકાશું નહીં.

વર્તમાન સંજોગોમાં ત્રાસવાદ વિરોધી અભિયાનમાં પાકિસ્તાન એ અમેરીકાનો મહત્વનો ભાગીદાર દેશ છે અને પાકિસ્તાન પોતે સ્કૂલો, માર્કેટો તથા મસ્જીદોમાં થઈ રહેલા ખુંખાર ત્રાસવાદી હુમલાનો શિકાર બનતો આવ્યો છે અને આ રીતના હુમલા હજી પણ ચાલુ છે બંધથયા નથી. આના પરિણામે પાકિસ્તાન વિકાસથી વંચિત રહી જવા પામ્યું છે. પાકિસ્તાન અન્ય રાષ્ટ્રો કરતાં ઘણો પાછળ છે. જેથી પાકિસ્તાને દેશની જનતાના હીતમાં ત્રાસવાદના નેટવર્કનો જાતે સફાયો કરવા આગળ આવવું જોઈએ.

જ્યાં સુધી આઈએસઆઈ દ્વારા ત્રાસવાદી સંગઠનોને ટેકો આપવાનું ચાલુ રહેશે ત્યાં સુધ ત્રાસવાદ બંધ થઈ શકે તેમ નથી. અફઘાનમાં પણ પાકિસ્તાનમાં સક્રિય ત્રાસવાદીઓના હુમલા જારી રહ્યા છેજેથી અમેરીમાએ પાકિસ્તાનને જે ચેતવણી ઉચ્ચારી છે તે બાબતને ધ્યાનમાં રાખી પાકિસ્તાને સુધરી જવું જોઈએ.

વિશ્વના અર્થતંત્રને ખોખલું કરી દેનારા ત્રાસવાદી સંગઠનોના અડ્ડા પર જ સીધો બોમ્બ વિસ્ફોટ કરવો જોઈએ તેવું અર્થશાસ્ત્રીઓ જણાવી રહ્યા છે. તેઓએ એવું પણ જણાવેલ છે કે ભારતમાં જે જાલી નોટોની ઘુસણખોરી કરવામાં આવે છે તે તમામ જાલી નોટો પેશાવર ખાતે બને છે અને ભારતમાં ઘુસણખોરી કરતાં ત્રાસવાદીઓ દ્વારા અહીંના એજન્ટોને જાલી નોટો આપીને નાણાંકીય વ્યવહારને ભારે સહન કરવું પડયું છે. અગાઉ નેપાળથી જાલીનોટો આવતી હતી પરંતુ ત્રાસવાદી સંગઠનોને મદદરૂપ થવા જાલી નોટોનું ષડયંત્ર લાંબા સમયથી ચાલતું આવ્યું છે તે બાબતે પણ અમેરીકાના વિદેશ મંત્રીએ પાકિસ્તાનને ગંભીર થવા જણાવ્યું છે અને ચેતવણી બાદ પણ જો પાકિસ્તાન અમેરીકાની વાતનો ઈન્કાર કરશે તો પાકિસ્તાન ગમે ત્યારે ભયાનક સ્થિતિમાં સપડાશે તે વાત પણ ચોક્કસ છે.

ત્રાસવાદને પ્રોત્સાહન આપનાર પાકિસ્તાને તેના દેશની પ્રજા વિશે વિચારવું જોઈએ અને પ્રજા નારાજ થશે ત્યારે પાકિસ્તાનમાં કોઈ નેતા ચૂંટણીમાં જીતી શકશે નહીં..

કંઈક નરમ ગરમ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

લોકો અંદરખાને એવા રાજી થયા કે પોતાના ઘરમાં કહેવા લાગ્યા કે હાશ બલા ગઈ.. હાશ સોસાયટીનો કચરો ગયો.. હાશ.. એક જગ્યાએ તો ત્યાં સુધી કહી દીધું કે એની ઘરવાળીએ રફુચક્કર થઈ ગઈ હોત તો લો બોલો.. આ આપણા સમાજમાં પાસ પડોશમાં કેવું ભલું ઈચ્છનારા છે.. એનો નમુનો છે...

વાસ્તવમાં આપણાથી કોઈનું ભલું જોઈ શકાતું નથી... હા બોલી શકાય છે પણ એ દંભ દેખાડા પુરતું હોય છે.. એક જણો નવી ગાડી લાવ્યો અને એની ખુશીમાં પાસ પડોશીઓને પેંડા વહેંચવા ગયો.. ઘણાએ તો એકને બદલે બે બે માંગ્યા.. પેલાએ વળી ખુશીથી આપ્યા પણ ખરા. એને મન એમ હતું કે હું મોંઘીદાટ ગાડી લાવ્યો છું.. તો પેંડાના ખર્ચામાં વળી શી કરકસર કરવી ? તેથી એકના સ્થાને બે બે આપ્યા.. ખાનારા ખાઈ ગયા અને પીઠ પાછળ કહેવાનું બોલવાનું ચાલુ કરી દીધું.. કોઈકનું કરી નાખ્યું હશે.. કોઈનું ઉઠમણું બેસણું કર્યું હશે.. કોઈને ચુનો ચોપડયો હશે. કયાંક નવરાવ્યો હશે..

લો બોલો.. પેંડા ખાતા કશી તકલીફ ના થઈ પણ ગાડી લાવનારા માટે બે શબ્દો સચ્ચાઈથી સાચા કહેતા તકલીફ થઈ હતી. આપણે કોઈનું સારૂં જોઈ શકતા નથી એ નક્કી.. કોઈકનું સારૂં જોતાં જ આપણા પેટમાં તેલ રેડાય છે.. કયાંક તેલ ઉકળે છે, આપણો સ્વભાવ, વૃત્તિ આપણી માનસિકતા શા માટે આવી છે એની કશી ખબર પડતી નથી. આપણને જોકે મોંઢે તો કેટલી તો કોયલથી ય મીઠું બોલતા આવડે છે.. પણ પીઠ પાછળ લાત મારવામાં લાત મારતાં ગધેડા પણ બિચારા શરમાઈ જાય...

ગધેડાની લાતની વાત આવી છે ત્યારે મારી ઓફિસમાં ભર્યા સ્ટાફમાં મારા સાહેબે મને પુછ્યું હતું.. બારોટજી તમને લાત મારતાં આવડે ? લો બોલો સાહેબ જેવો ટોચનો માણસ કરવાનાં કામ પડતાં મુકી લાત મારવા અંગે મને પુછે તો શું કરવું ? પણ મેં વાત વાળતાં કહ્યું, સાહેબ હું તો લાત મારતો હોય એનો પગ પકડીને તમને બચાવું... બોલો હું સારો કે નહીં ?

રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)
મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮

અજબગજબની દુનિયા

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

વાશીંદાઓ (રહેવાસીઓ) કોકોઆ સીડ્સ ને 'ગોડ ગિફ્ટ' માનતા હતા. તેઓ એને એક તીખું એનર્જી ડ્રીંકસની માફક વિવિધ મસાલા, કોર્નસુપ અને વાઈનની સાથે પ્રયોગ કરતા હતા.

માયા સભ્યતામાં લોકો કોકોઆ બીન્સને કરન્સીના રૂપમાં ઉપયોગ કરતા હતા. કહેવાય છે કે એ દિવસોમાં એની કિંમત સોના કરતાં પણ વધુ હતી. કારણ એ હતું કે કોકોઆની ખેતી પર પ્રતિબંધ હતો અને તે આસાનીથી ઉપલબ્ધ નહોતું.

સોળમી સદીમાં એને ખાંડની સાથે ભેળવીને ઉપયોગમાં લેવામાં આવતી હતી. યુરોપમાં તે બેહદ લોકપ્રિય બનેલ. વીસમી સદીમાં અમેરીકી સૈનિકો યુદ્ધના મેદાનમાં ફાસ્ટ ફુડની જેમ ચોકલેટનો ઉપયોગ કરતા હતા. દુનિયાભરમાં પેદા થતા કોકોઆનો ૬૬ ટકા ભાગ પશ્ચિમી આફ્રિકામાં પેદા થાય છે. માત્ર એકલા આઈવરી કોસ્ટમાં આખી દુનિયાની કુલ ઉપજમાંથી ૩૩.૩૪ ટકા કોકોઆનું ઉત્પાદન થાય છે.

સન ૧૯૩૦ માં ચર્ચિત બેકર રૂથ વેકફીલ્ડની પાસે અચાનક બેકીંગ મેકામ આવનારી ચોકલેટ ખતમ થઈ ગઈ હતી એને ખાનાર નેસ્લે ચોકલેટને કુકીઝના મિશ્રણમાં મિલાવી અને વિચાર્યું કે આને ઓગાળીને મિશ્રણમાં ભેળવવામાં આવે અને ચોકલેટની કુકીઝ તૈયાર કરવામાં આવી પરંતુ કુકીઝ બનીને તૈયાર થઈ તો એમાં અલગ અલગ જગ્યા પર ચોકલેટના નાના નાના ટુકડા નજર આવ્યા. જેને તેઓએ કુકીજ વીથ ચોકલેટ ચીપ્સ નામ આપ્યું. આ કુકીઝ જોવામાં અને ખાવામાં બેહદ સુંદર અને સ્વાદિષ્ટ હતી. એટલે આ પ્રયોગ એમણે આગળ ચાલુ રાખ્યો. ત્યારબાદ એમણે પોતાનો આ આઈડીયા નેસ્લે કંપનીને વેચી દીધો. જેના બદલામાં નેસ્લે કંપનીએ એને આજીવન ચોકલેટ સપ્લાઈ કરવાનો વાયદો કર્યો હતો.

કમલેશ કંસારા